# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

Volume : 22 • E Issue 22 • Pages 32 • Mumbai Dated : 20th June 2020 • Yearly Subscription Rs.50/-

Visit us at : www.prakashsamiksha.com • kdoprakash@gmail.com





## યોગ ભગાવે રોગ – તંદુરસ્તીનો રાજમારગ યોગ




## કચ્છી નવું વરસ–અષાઢીબીજની હાર્દિક શુભકામના

**આદ્યતંત્રીઓ**

**‘‘પ્રકાશ’’**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**‘‘સમીક્ષા’’**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**‘‘પ્રકાશ સમીક્ષા’’**
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

અંક નં.૨૨
તારીખ : ૨૦-૦૬-૨૦૨૦

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

# સમયની માંગ છે... સુરક્ષિત રહો, સંભાળીને રહો

**– ડૉ. હિરાચંદ દંડ – 7738508150**



મારા પ્રિય વાચકમિત્રો,

લોકડાઉનના કારણે ઉદ્‌ભવેલી પરિસ્થિતિ તથા ટપાલ સેવાઓની સ્થગતિના કારણે એપ્રિલનો સંયુક્ત અંક તથા મે અને જૂનના એમ કુલ છ અંકો ડીજીટલ સ્વરૂપે આ વર્ષમાં પ્રકાશિત થયા છે. ગયા અઠવાડિયે અનેક મુશ્કેલીઓ વચ્ચે ૨૦ માર્ચનો છપાયેલો અંક પોસ્ટ દ્વારા રવાના થયેલ છે અને આ અંક તમને બધાને પહોંચશે એવી પુર્ણ ખાત્રી તો નથી જ, કારણ કે પરિસ્થિતિ જ કંઈક એવી છે.

ઘણા વર્ષોથી એવું ધ્યાનમાં આવ્યું છે કે અનેક જ્ઞાતિજનોએ પોતાનું રહેઠાણ બદલ્યું છે. પરંતુ ‘પ્રકાશ સમીક્ષા’ને તે અંગે જાણ નથી કરી તેથી અંક અમારી પાસેના સરનામે જ મોકલાય છે. આજના તંત્રપ્રધાન યુગમાં અનેક વાચકો પ્રકાશ સમીક્ષાને વસ્તીપત્રક એપ ઉપર ઓનલાઈન વાંચી લે છે જેથી પ્રીંટીગ કોપીની એમને જરૂર નથી વર્તાતી. એટલે હું ખૂબજ ગંભીરતાથી આપ સૌ વાચકોને વિનંતી કરું છું કે ગયા તથા આ અંકમાં પ્રકાશિત ફોર્મમાં જરૂરી વિગતો ભરીને ઈમેઈલ, વોટ્સએપ, પોસ્ટ કે કુરીઅર દ્વારા અમને મોકલી આપજો જે માટે ફક્ત પાંચ મિનીટનો જ સમય લાગશે. ૩૧ ઓગસ્ટ સુધી જે ફોર્મ અમને નહિં મળે તેમને ટપાલ દ્વારા ‘પ્રકાશ સમીક્ષા’ મોકલવાનું કદાચ બંધ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી છે.

યુવાન વાચકો માટે ખાસ અંગ્રેજી ભાષામાં કેટલાક આર્ટીકલ્સ પ્રકાશિત કરવાનું શરૂ કર્યું છે. ખૂબ જ સાદી અંગ્રેજી ભાષામાં જૈન ધર્મ વિશે શિલ્પાબેન અજાણીના ‘બીંઈંગ જૈન’ આર્ટીકલ્સને જ્ઞાતિના અનેક પરિવારના સભ્યોએ વખાણ્યા છે. જેમના બાળકો ગુજરાતી નથી વાંચી શકતા તેઓ એ આ નિયમિત કોલમને તેમના યુવાન સંતાનોને વાંચવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

જ્ઞાતિના ધોરણે અનેક નવી બાબતો બની રહી છે. શ્રી કેડીઓ ક્લાસીક ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા કચ્છમાં મિલકતો ધરાવનારા કેડીઓને કાયદાકીય બાબતો તથા દસ્તાવેજીકરણ માટે મદદરૂપ થવા પ્રયત્નો થઈ રહ્યા છે. આપણા ઘણા જ્ઞાતિજનોએ મિલકતો ઉપર પોતાનો કાબુ સમયના અભાવે, કાયદાકીય આટીઘુંટી તથા અમુક સ્થાનિકોના કૌભાંડોને કારણે ગુમાવી ચૂક્યા છે. પણ કેડીઓ ક્લાસીક ઉત્કર્ષ ટ્રસ્ટની મદદથી આ ચિત્ર બદલી શકાશે એવું લાગે છે.

શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (ચેન્નઈ) જ્ઞાતિજનોને રાજ્ય સરકારો તથા કેન્દ્ર સરકારની માઈનોરીટીઝને લગતી યોજનાઓ અંગે માહિતગાર કરવા વિડીયો તથા ટુંકા લેખો રજુ કરવા આયોજન કરી રહ્યા છે જે ખૂબજ આવકાર્ય છે જે આપણા હક્કો મેળવવા માટે ખૂબજ ઉપયોગી બનશે.

જૈનધર્મીઓ માટે સરકારો દ્વારા ફાળવાયેલા ભંડોળનો પુરતો ઉપયોગ નથી થતો. વિદ્યાર્થીઓ, વેપારીઓ, ઉદ્યોજકો માઈનોરીટી માટેની યોજનાઓનો આર્થિક લાભ લઈ શકે છે તથા જરૂરતમંદો માટે ઉપલબ્ધ મેડીકલ સુવિધાઓનો પણ લાભ મળી શકે છે. આપણે સૌએ આ યોજનાઓથી માહિતગાર થઈ તેનો લાભ લેવો જોઈએ તથા જરૂરતમંદોને આ અંગે માર્ગદર્શન પણ આપવું જોઈએ.

શ્રી વિરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર થોડાક અઠવાડિયા માટે શ્રી હિંદુ સભા હોસ્પિટલ-ઘાટકોપરને ક્વારન્ટાઈન સેન્ટર માટે આપવામાં આવેલુ છે જે વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટીઓ દ્વારા

| પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી | | | | |
|---|---|---|---|---|
| **કલર પાનાની જાહેરાત** | | | | |
| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |
| **બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત** | | | | |
| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

લેવાયેલું સમયોચિત પગલું આવકારદાયક છે. વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ અને કન્યાછાત્રાલયની વિદ્યાર્થીનીઓને ત્રણ મહિના માટે શૈક્ષણિક સહાય પણ અપાઈ છે. તે ઉપરાંત મુંબઈ મહાજન દ્વારા મુંબઈમાં વસતા કેડીઓ કે જેમને લોનની જરૂર હોય તેમને બેંકમાંથી નીચા વ્યાજદરે તથા ઓછી પ્રક્રિયાઓ દ્વારા લોન અપાવવાના પ્રયાસો પણ હાથ ધરાશે.

ટૂંકમાં આપણા સૌના માટે અનેક સારી પ્રવૃત્તિઓ આકાર લઈ રહી છે અથવા આયોજિત થનાર છે એટલે વર્તમાન મુશ્કેલીભર્યા સમયમાં આશા અને વિશ્વાસ સાથે આનંદિત રહીએ તથા પોતાની અને પરિવારજનોની કાળજી લઈએ, સુરક્ષિત રહીએ, એ જ સમયની માંગ છે.

## પ્રકાશ સમીક્ષા અને શ્રી તિલકચંદભાઈ લોડાયા

### (નિવૃત્ત આવકવેરા કમિશનર) પ્રસ્તુત જૈન લઘુમતીને લાભ આપતી વિવિધ સરકારી યોજનાઓ

પ્રકાશ સમીક્ષા અને શ્રી તિલકચંદભાઈ સંચાલિત કદઓ અમર્યાદિત (અનલિમિટેડ)ના સહયોગથી દર અઠવાડિયે મંગળવાર, ગુરૂવાર અને શનિવારે સરકાર દ્વારા જૈન જ્ઞાતિ માટે શરૂ કરવામાં આવેલી વિવિધ યોજનાઓની સંપૂર્ણ માહિતી, નિષ્ણાતો દ્વારા લેખમાળાઓ, દૃશ્ય શ્રાવ્ય વ્યાખ્યાનમાળાઓ, વોટ્સએપ અને ફેસબુક જેવા સામાજિક માધ્યમો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ યોજનાઓનો પ્રચાર કરવા માટે સંપૂર્ણ દેશના સ્તરે તૈયારીઓ કરવામાં આવી રહી છે. કદઓ દ.ભા.એકમે આ યોજનાઓનો પ્રચાર અને એનો લાભ દરેક શહેર અને ગામોમાં વસતા જ્ઞાતિજનોને મળે એ રીતે રજૂઆત કરવાની તૈયારી દર્શાવી છે. કોલકતા કદઓ મહાજને તો તરતમાં એક સમિતીની રચના કરી છે. સરકારી યોજનાઓનો લાભ દરેક જ્ઞાતિજન સંપૂર્ણપણે લઈ શકે એ માટે દરેક મહાજન અને સંસ્થાઓને સહભાગી થવા વિનંતી કરવામાં આવે છે અને સાથે સાથે તેમને એક પ્રતિનિધિ પણ નિમવાની વિનંતી છે.

શ્રી કુલીન ડાઘા-માંડવી, કચ્છ (મો.૯૭૨૪૬૩૯૫૬૫) અને શ્રી મહેશ લોડાયા-અંતરજાળ કચ્છ, સરકારી આરોગ્ય વિમા યોજના બાબત માર્ગદર્શન આપે છે.

એક વખત સમિતિઓ બની જાય તો વિવિધ સરકારી યોજનાઓનું માર્ગદર્શક પુસ્તક પણ પ્રગટ થઈ શકશે.

**''પાં કઈબો અને જીતબો''.**

**– ઉદયન શાહ,**
**પ્રકાશ સમીક્ષા તંત્રી મંડળ**

# 'પ્રકાશ સમીક્ષા' આપને પોસ્ટ દ્વારા મોકલાતું રહે એમ ઈચ્છો છો?

**તો નીચેનું ફોર્મ ભરીને ઈમેઈલ દ્વારા kdoprakash@gmail.com,**
**વોટ્સએપ નં. 9372300236 ઉપર અથવા કાર્યાલયના સરનામે મોકલી આપવા વિનંતી છે.**

પ્રકાશ સમીક્ષા મેમ્બરશીપ નં. ____________________ વસ્તીપત્રક નં. ____________

નામ ______________________________ વતનનું ગામ ____________

સરનામું ____________________________________________

____________________________________________

મોબાઈલ નં. ____________ ઈમેઈલ ____________ ફોન નં. ____________

**કાર્યાલય : પ્રકાશ-સમીક્ષા**
એ-૭૦૪, રેમી બિઝકોર્ટ,
વીરા દેસાઈ રોડની નજીક,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૩.

**લી. શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા સમિતિ**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442
CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai Including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com
ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

સમય પ્રવાહ

# કોરોના ટોર્ચના પ્રકાશમાં ભારતની સામાજિક, આર્થિક અને સ્વાસ્થ્ય વ્યવસ્થા : ભાગ-૧ – પ્રાચીન ભારત

– પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247



**પ્રાચીન ભારતમાં મુખ્ય ચાર વર્ણ કે વર્ગના આધાર પર સામાજિક અને આર્થિક વ્યવસ્થા હતી, જે ધર્મ નહીં પણ કર્મના આધાર પર બનેલી હતી. અને આ ચાર વર્ણોની માનવીય સંખ્યા ક્રમશઃ વધતા ક્રમે હતી અને તે વર્ણો હતા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર.** બ્રાહ્મણોનું મુખ્ય કાર્ય પૂજા, પાઠ, ધાર્મિક વિધિઓ અને શિક્ષણ હતા. તે સમયની વૈદિક પરંપરા પ્રમાણે સોળ સંસ્કાર એ દરેક મનુષ્યના જીવનના અભિન્ન અંગ હતા, અને લગભગ દરેક સંસ્કારની શાસ્ત્રીય વિધિ જે ગર્ભધારણથી લઇને અંતિમ કે અગ્નિ સંસ્કાર, એમ જીવનના વિવિધ તબક્કાઓ વખતે કરવામાં આવતી, જેમાં બ્રાહ્મણ, પંડિત, ગોર મારાજ કે ગુરુજીની હાજરી આવશ્યક રહેતી. ક્ષત્રિયોનું મુખ્ય કામ, જે તે ક્ષેત્ર કે વિસ્તારનું રક્ષણ કરવાનું હતું. અને તે ક્ષેત્રીય શબ્દ પરથી તેઓ ક્ષત્રિય તરીકે ઓળખાતા. બીજી એક માન્યતા એ છે કે તેઓ શસ્ત્ર એટલે કે હથિયાર કે આયુધના વપરાશમાં પાવરધા હતા એટલે સશત્ર હતા જે અને જે આસ્તે આસ્તે ક્ષત્રિય તરીકે વપરાશમાં આવ્યો. તે સમયે ખેતી અને તેની સાથે સંલગ્ન પેટા વ્યવસાયો જેમકે પશુપાલન અને કૃષિ ઉત્પાદનોનું વિનિમય અને પાછળથી વેચાણ એજ સૌથી મોટા વ્યવસાય અને રોજગારનું સાધન હતું અને ત્યારે પૈસા કે રૂપિયા જેવી ચલણી નાણાંની વ્યવસ્થા ના હતી, અને વસ્તુઓનો વિનિમય એ વ્યાપારની પ્રથા હતી; અને એક સ્થળે બનતી વસ્તુ ને બીજા સ્થળ કે દેશમાં જઈને તેના બદલામાં અન્ય જરૂરી વસ્તુ જેને હાલની ભાષામાં 'ગૂડ્સ' કહેવાય તે લઇ આવીને પોતાના વતનમાં તેનું વેચાણ (ડિસ્ટ્રીબ્યુશન) કરવામાં આવતું અને આ કાર્યનો વિસ્તાર વૈશ્વિક પ્રકારનો હતો તેથી આ કાર્ય કરનારા લોકો વૈશ્ય કહેવાતા. અહીં એક યથોચિત બાબતનો ઉલ્લેખ કરું છું, જે કદાચ વિષયાંતર નહીં બને. તે જમાનામાં વિદેશગમન માટે માત્ર સામુદ્રિક માર્ગ જ હતો જેના માટે વહાણ એ વાહન હતું અને તેનો ઉપયોગ કરનારા વહાણિયા કે વાણિયા તરીકે ઓળખાયા એવું સૌરાષ્ટ્ર બાજુ મનાય છે.

છેલ્લે જેનો શુદ્ર વર્ગમાં સમાવેશ થયો છે તે લોકો પરચુરણ કામો કરતા જેને આપણે હાલની ભાષામાં સેવા (services) કહી શકીએ. નવાઈની વાત એ છે કે ભારતમાં એક કહેવત છે, 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ટ નોકરી' અને તે સમયમાં ખેતી માત્ર વરસાદ પર આધારિત હોવાથી, વર્ષના ચાર મહિના જ તે કાર્ય થતું; તેથી જેને ઉત્તમ વ્યવસાયનો દરજ્જો આપવા છતાં તેને પરચુરણ કાર્ય જ ગણવામાં આવ્યું. શુદ્ર શબ્દ એ સંસ્કૃત શબ્દ છે, અને તેનો એક અર્થ થાય છે; પરચુરણ, છૂટક કે નિમ્ન. મારી સમજ પ્રમાણે આનો અંગ્રેજી પર્યાય છે PETTY. ભારતના ઘણા ક્ષેત્રોમાં 'ક્ષ' માટે બોલીમાં કે વાતચીતમાં 'ખ' વપરાય છે. જેમકે લખન કે લખમણ (લક્ષ્મણ), લખમી (લક્ષ્મી) વગેરે. બંગાળમાં છુટા પૈસા માટે 'ખુદરા' શબ્દ વપરાય છે, જે ક્ષુદ્ર શબ્દનું અપભ્રંશ છે. નાના દુકાનદાર માટે (રિટેઇલ બિઝનેસ) ખુદરા વ્યાપારી શબ્દ મોટા ભાગના હિન્દી બોલતા રાજ્યોમાં આજે પણ વપરાય છે જે પણ ક્ષુદ્ર શબ્દનું અપભ્રંશ છે. **આ વર્ગીકરણ કે વર્ણભેદ એ સમાજ અને વાણિજય ચલાવવા માટેની વ્યવસ્થા હતી, જેને ધર્મ, નાત, જાત કે જ્ઞાતિ સાથે કોઈ સંબંધ ના હતો; અને ઉચ્ચ નિચ્ચ એવા કોઈ વિશેષણ ત્યારે ના હતા.** કેટલાક ધાર્મિક સંતો (હાલ જેને બાપુ કહે છે) જેમકે કબીરદાસ, રૈદાસ, કે એકદમ પ્રાચીન સમયમાં વાલ્મિકી એ બધા આ વર્ગ કે વર્ણમાંથી આવતા અને જેને લોકો પૂજ્યભાવ સાથે સન્માન આપતા.

ક્ષુદ્ર વર્ણ કે વર્ગમાં કુલ જન સંખ્યાનો બહુજ મોટો હિસ્સો આવી જાય છે; અને તેમના કામોના પ્રકાર પણ ઘણા પ્રકારના છે; તેથી તેનો થોડો વિસ્તાર કરવો જરૂરી છે. **આમ પણ વર્ષોથી ભારતમાં બે પ્રકારના મનુષ્યોનું માન્ય વર્ગીકરણ છે ; બુદ્ધિજીવી અને શ્રમજીવી. કેટલાક આધુનિક લોકો તેમાં ત્રીજા પ્રકારના લોકોને પણ મૂકે છે; જેને બુદ્ધુજીવી (બેવકૂફ) કહે છે જેને આપણે મધ્યમ વર્ગ કહીએ છીએ! (હાસ્યની સાથે કરુણ વાસ્તવિકતા).** આ શ્રમજીવી વર્ગમાં જે લોકો પાસે હુન્નર કે કારીગરી હતી તેઓ કારીગર કહેવાયા જેમકે કડિયા, સલાટ, લુહાર, સુથાર, દરજી, સોની, વણકર વગેરે. જેઓ હાલમાં જેને skilled labour કહીયે છીએ તે પ્રકારના લોકો છે; ઘણા લોકો ખાસ કરીને ગુજરાતમાં આના માટે મિસ્ત્રી શબ્દ પણ વાપરે છે. અને તેની સાથે કેટલાક વિશિષ્ટ પ્રકારની મહારત કે કૌશલ્ય, જેમકે ચિત્રકળા, સંગીતકળા કે નૃત્યકળા ધરાવનારા કલાકાર કે કળાકાર કહેવાયા; હાલમાં જેને soft skill કહે છે તે કક્ષામાં આ

લોકો આવે છે. ત્યાર પછી એવા લોકો જેની પાસેના તો હુન્નર, કારીગરી કે કળા હતી પણ ચીંધેલું કામ થોડી તાલિમ પછી કરી શકે તેવા લોકો હતા જેને બેગારી કે મજુર કહેવાય છે, તે આવે. અને કેટલાક લોકો જેમની પાસે સારી એવી શારીરિક તાકાત હોય અને જે સખત કે ખુબ પરિશ્રમ (પરસેવો પાડે તેવો શ્રમ=પરિશ્રમ) માંગે તેવા કામો કરી શકે, તે પ્રકારના લોકો આવે જેમકે ખેડૂત, હમાલ, ડોલી ઊંચકનાર વગેરે જે શ્રમિક કહેવાયા.

ગુજરાતીમાં કહેવત છે કે 'ગામ હોય ત્યાં ઉકરડો પણ હોય' એટલે કે સારું અને નરસું બને સૃષ્ટિમાં એક સાથે હોઈ શકે છે, **તે પ્રમાણે કેટલાક કામો એવા પ્રકારના હોય, જેના પ્રત્યે સભ્ય સમાજને ઘૃણા, શુગ કે અરુચિ જરૂર ઉપજે. પણ માનવ સમાજને સ્વચ્છ અને રોગમુક્ત રાખવા માટે એ કામ પણ કરવા પડે છે;** જેમકે કચરાનો નિકાલ અને તે કામ કરનારો વેગ, મળમૂત્રનો નિકાલ અને તે કરનારો વર્ગ, મૃત પશુઓના શરીરનો નિકાલ અને તે કરનારા ચમાર કે મૃત માનવ દેહનો નિકાલ અને તે કામ અંતિમ સંસ્કાર કરતી વખતે સ્મશાનમાં કરનાર ડોમ. હવે માનવ મળમૂત્રનો નિકાલ આધુનિક ફ્લશ પદ્ધતિ અને સુએઝ વ્યવસ્થાના કારણે ઘણું સગવડ ભર્યું થઇ ગયું છે, તેથી હવે માત્રનો કચરાનો નિકાલ અને સંડાસ બાથરૂમ સાફ રાખવાનું કાર્ય રહ્યું છે; તેથી આ કાર્ય કરનારા સફાઈ કામદાર કહેવાયા. ગાંધીજીએ આવા નિમ્ન પ્રકારના કાર્યો કરનારા માટે 'હરિજન' શબ્દ પ્રયોગ કરેલ, જેને હવે 'કોરોના યોદ્ધા' કહીને મોડે મોડે પણ સમાજે આ કામની મહત્તા કે મહત્વ સમજી એને બિરદાવ્યું છે.

**આ કામો એવા પ્રકારના છે કે સાધારણ મનુષ્યો તે ના કરી શકે. ક્યારેક ઘરની સફાઈ (dedusting) કરતી વખતે પણ જો સામાન્ય મનુષ્યને શરદી, ખાંસી, ઉધરાશ કે છીંક થઈ જાય તો નિયમિત અને લાંબા સમય સુધી આ પ્રકારના કામો કરનારની શું હાલત થાય?.**

પ્રાચીન ભારતમાં આયુર્વેદ એ ખુબ જ વિકસીત શાસ્ત્ર હતું અને આપણા ઋષિમુનિઓ અને વૈદોને જીવાણું કે વિષાણુની ખબર હતી અને આજે આપણે જેને એલર્જી કહીયે છીએ તેનું પણ જ્ઞાન હતું. તેથી જે લોકો આ પ્રકારના કામો કરતા, તેઓ બહુધા વિષાણુ કે જીવાણુંઓથી સંક્રમિત હોય જ, પણ વિષાણુ કે જીવાણુંઓના સતત સંપર્કના કારણે આપણે આજે જેને herd immunity કહીયે છીએ, તે તેમના શરીરે વિકસાવી હોવાથી તેઓ સંક્રમણ કે ચેપના કારણે બીમાર ના થાય; પણ અન્ય સામાન્ય લોકો બીમાર થઇ શકે છે. તેથી આ પ્રકારના કામ કરનાર લોકોની અલગ વસાહતો રહેતી, અને તે અન્ય વસાહતોથી દૂર એટલે કે ગામથી બહાર રહેતી. હાલમાં આપણે જેને કંટેઇન્મેન્ટ ઝોન (containment zone) કહીએ છીએ તે પ્રકારની જ વ્યવસ્થા હતી, તથા આવા લોકોના સીધા સંપર્કમાં આવવાનું અન્ય લોકો ટાળતા; જેને આજે આપણે social distancing કહીયે છીએ; ત્યાં સુધી કે તેમના પીવાના પાણીના શ્રોત (કુવા) પણ અલગ રહેતા. આમ આ વ્યવસ્થા એ ઉંચનીચના ભેદભાવ પર આધારિત નહીં હતી પણ સામુહિક સ્વાથ્યની રક્ષા કરવા માટેની હતી. ભારત પર અનેક વિદેશીઓએ રાજ્ય કર્યું છે, જેમણે **આ વ્યવસ્થાનો સ્વીકાર પણ કર્યો; પણ જયારે અંગ્રેજો આવ્યા પછી આ વ્યવસ્થાને આભડછેટ એટલે કે અસ્પૃશ્યતા તરીકે એક સામાજિક બદી કે કુપ્રથા તરીકે ગણવામાં આવી અને તે નાબૂદ કરવા કાયદાઓ બનાવાયા.** અંગ્રેજોએ ભારતમાં' ભાગલા પાડો અને રાજ કરો' તે નીતિ અપનાવેલ અને તેને અમલમાં પણ મુકેલી, તેથી પહેલાં ધર્મ આધારિત વૈમનસ્ય ફેલાવ્યું અને ત્યાર બાદ જાતિ આધારિત વૈમનસ્ય ફેલાવ્યું.

**આપણા પૂર્વજોને એ વાતનું પણ જ્ઞાન હતું, કે મળ, મૂત્ર, થૂંક, ગળફા, લિન્ટ (શેડા), પરસેવો, મૃત શરીર, લોહી, માંસ, પરુ અને પ્રસવ વખતે જે રક્ત વગેરે નીકળતા પ્રવાહી તથા પદાર્થ, એ જૈવિક કચરો છે; જેમાં જીવાણું અને વિષાણુઓ હોઈ શકે છે, જેનાથી સંક્રમણ કે ચેપ લાગી શકે છે અને રોગ કે બીમારી થઇ શકે છે તેથી આ બધાથી દૂર રહેવું અને તેના કારણે સ્ત્રીઓના માસિક સ્રાવ સમયે છેટે બેસવાની, મળ ત્યાગ માટે ઘરથી બહાર જવાનું અને સ્મશાન જઈ આવ્યા પછી નહાવાની વગેરે પ્રથાઓ હતી.** તે ઉપરાંત પરિસ્થિતિ અને સંજોગ પ્રમાણે હાલમાં જેને આઇસોલેસન (isolation) કે ક્વોરેન્ટિન (quarantine) કહીએ છીએ તેવી વ્યવસ્થા પણ હતી. થોડા દાયકા પહેલાં જયારે શીતળા કે અછબડા જેવા સંક્રમિત રોગ, જે ખાસ કરીને બાળકોને થતા, કોઈ પરિવારમાં આવે ત્યારે તે ઘરના દરવાજા પર લીમડાની ડાળખી બાંધી રાખતા; અને તે રીતે અન્ય લોકોને પોતાના ઘરે ના આવવા સંકેત આપતા.

તે ઉપરાંત તેમને એ પણ ખબર હતી કે શ્વાસતંત્ર એ માનવ આરોગ્ય માટે અત્યંત મહત્વનું છે, તેથી તેને સ્વસ્થ, મજબૂત અને અસરકારક બનાવવા માટે પ્રાણાયામ, અનુલોમ-વિલોમ વગેરે યોગિક ક્રિયાઓ પણ વિકસાવી હતી. જૈન પરંપરામાં

અનુસંધાન ૮ મા પાને

# 'પ્રકાશ-સમીક્ષા' પોસ્ટથી મોકલવાનું




પ્રકાશ-સમીક્ષા અત્યારે સર્વે કરે છે કે પ્રકાશ ઓનલાઈન મોકલવાનું કે પ્રિન્ટીંગ કરીને પોસ્ટથી મોકલવું? મારા સર્વે પ્રમાણે ત્રણથી ચાર હજાર જ્ઞાતિજનો પ્રકાશ વાંચે છે. આજની નવી જનરેશન બીલકુલ એને હાથ પણ નથી લગાવતી.

ત્રણ-ચાર હજાર વાચકોમાં પણ ઘણા પાસે સ્માર્ટ ફોન નથી. અમુક જણા વોટ્સએપ પર વાંચી શકતા નતી. અમુકને કંટાળો આવે છે. (મારી માહિતી મુજબ) એટલે પોસ્ટથી જ મોકલવું જોઈએ.

આમ પણ પ્રકાશ-સમીક્ષાને ૧૦૦ વર્ષ પૂર્ણ થવાને પાંચ જ વર્ષ બાકી રહ્યા છે ત્યારે એની શાનદાર ઉજવણી કરીને પછી ભલે પ્રકાશ-સમીક્ષાને ઓનલાઈન મુકો.

નવી જનરેશન માટે વોટ્સએપ પર તિલકભાઈ ઘણી નવી નવી સામગ્રી મોકલતા હતા. એકલે હાથે એમણે જે જ્ઞાતિની સેવા કરી છે તેનું મુલ્ય અમુલ્ય છે. તેના ફળ સ્વરૂપે અત્યારે જ્ઞાતિમાં ઓછામાં ઓછા પંદર ગ્રુપ થઈ ગયા છે. દા.ત. કેડીઓ સ્ટેમ્પ ગ્રુપ, કોઈન્સ એન્ડ બેન્ક પોટ્સ, કેડીઓ લોજીસ્ટીક્સ, કેડીઓ કલાકાર, કેડીઓ કીચન ક્વીન, તેમજ ધાર્મિક ગ્રુપ્સ, ગુજરાતી કવિતા તેમજ સ્તવન ગ્રુપ વિગેરે.

હાથમાં અખબાર લેવાનો જે આનંદ આવે છે તે અનેરો હોય છે. એક હાથમાં ચા-કોફીનો ગરમ કપ અને બીજા હાથમાં અખબાર એ તમે વાચકોને પુછો તો એમના મનના આનંદની ખબર પડે.

એવી જ રીતે પ્રકાશ-સમીક્ષાની આતુરતાથી રાહ જુઓ અને જ્યારે એ મળે ત્યારે જ્ઞાતિના સમાચાર વાંચવાની જે મજા આવે છે તે તો વાંચનારને જ ખબર પડે. ઈલેક્ટ્રોનિક મીડિયાનો ભલે જમાનો હોય પણ આપણા વડિલોને પ્રકાશ ન આવે તો સૂનું સૂનું લાગે એટલે એમના ખાતર પણ પોસ્ટ દ્વારા 'પ્રકાશ-સમીક્ષા' મોકલવું જોઈએ.

વોટસએપ પ્રકાશ-સમીક્ષા ચાલુ કરવું જોઈએ. એનાથી નવી જનરેશન જ્ઞાતિ સાથે જોડાયેલી રહે, તેમજ જ્ઞાતિ પ્રત્યે આત્મિથતાની ભાવના જાગે.

પ્રકાશ-સમીક્ષામાં એવરેજ એક વર્ષમાં ૧૨ થી ૧૫ વાચકોના પત્રો છપાય છે જ્યારે વોટસએપ ઉપર રોજનો એક પત્ર આવે છે તે તેની લોકપ્રિયતા દર્શાવે છે. ૧૨ થી ૧૫ પત્રોમાં પણ લખનારા ૪ થી ૫ જ જણા હોય છે. જ્યારે વોટસએપમાં અલગ-અલગ વ્યક્તિઓના વિચારો જાણવા મળે છે. માટે વોટસએપ પ્રકાશ-સમીક્ષા ફરીથી ચાલુ કરવા નમ્ર વિનંતી છે.

**– પ્રવીણ લોડાયા (વડોદરા)**

# જે થાય તે સારા માટે - લોકડાઉન એક અનોખો અનુભવ

જીંદગીના અનેક વર્ષો મુંબઈમાં વિતાવ્યા અને સદ્‌ભાગ્યે ભગવાનની કૃપાથી એક સુંદર ફ્લેટ ટીટવાલાનાં એક સારા કોમ્પલેક્ષમાં લીધો. ફ્લેટ લીધા પછી એક પણ વખત ત્યાં રહેવાનો મોકો ન મળ્યો પણ ઈશ્વરે શું સંકેત આપ્યો કે તા.૨૧-૨૨ માર્ચના શનિવાર-રવિવાર હોવાથી બે દિવસ રહી આવવાની ઈચ્છા થઈ. ત્યાં પહોંચ્યા હજી એક દિવસ ન પત્યો કે મોદી સાહેબે લોકડાઉન જાહેર કરી નાંખ્યું. કદાચ મુંબઈ પાછા જવું હોત તો જરૂરથી જઈ શકત પણ કેમ જાણે શું વિચાર આવ્યો કે આપણને અહીં રહેવું છે. મુંબઈ પાછા જતાં કોઈપણ જાતનાં કાર્યો થવાના નથી તો શા માટે અહીં રોકાઈ ન જવું !

બીજા દિવસની શરૂઆત થઈ અનેક સુખ સગવડો વચ્ચે જે મુંબઈમાં રહેતા હતા તે દરેક ચીજોનો અભાવ વતાવવા લાગ્યો. સહુથી પહેલા પ્રશ્ન શરૂ થયો દુધ-શાકભાજી-અનાજ વગેરે ક્યાંથી લાવવા? અહીં તો અમારા માટે બધું નવું ! બાજુનાં મરાઠી કુટુંબની ઘંટડી વગાડી તો તેમણે દુધ-શાકભાજી-અનાજ વગેરે ક્યાં સારૂં મળે છે તેની યાદી આપી દીધી. એટલું જ નહીં પણ સાથે તેમનાં સ્કુટર પર લઈ જઈ દરેક ચીજોનાં દર્શન કરાવી દીધા. પ્રથમ દર્શને પડોશીમાં પ્રભુના દર્શન થયા.

હજી દિવસમાં થોડા આગળ વધ્યા ત્યાં રેફ્રીજરેટર, વોશીંગ મશીન તથા ઓવનની યાદ આવવા લાગી. હવે ખરી કસોટી શરૂ થઈ. દુધને બે-ત્રણ વખત ગરમ કરવાનું, શાકભાજી રેફ્રીજરેટર વગર વધારે સંગ્રહ ન કરવાના, ઓવન વગર દરેક ચીજને ગેસ પર ગરમ કરવાની આદત પાડવાની આ લગભગ બે મહિનાનાં ઉપરનાં સમયમાં અનેક ચીજોની આદત છૂટી ગઈ. ક્યારેક તો લાગ્યું આટલી બધી ચીજોનું પરિગ્રહ કરતા હતા. જૈન ધર્મમાં અપરિગ્રહનો કેટલો મહિમા છે. ધીરે ધીરે બધી સુખ-સગવડોની આદતો છુટતી ગઈ અને જીવનમાં અલગ પ્રકારનો આનંદ

વહેલા લાગ્યો. પડોશીઓ તરફથી તો દરેક પ્રકારની ઓફરો ખુલ્લી હતી. અમારે ત્યાં રેફ્રીજરેટરમાં કોઈપણ ચીજો રાખી જજો. પણ આપણને સંકોચ તો થાય જ ને. તે તેમને ઘડી ઘડી કેટલા વખત હેરાન કરવાના છેલ્લે જમવાનું પત્યું એટલે કામવાળીની યાદ આવવા લાગી પણ થોડા દિવસમાં બધા કામો સ્વયં કરતા તેની યાદ પણ વીસરાઈ ગઈ.

આગળ જતાં ફક્ત આપણે બે દિવસ રહેવા આવીએ ત્યારે કેટલા વસ્ત્રો સાથે લઈએ? ફક્ત બેજ તથા એકજ રૂમાલ જ્યાં મુંબઈમાં આપણા વોર્ડરોબમાં અનેક પ્રકારનાં વસ્ત્રો, બુટ, ચંપલ વગેરે હોય ત્યાં ફક્ત બે જ વસ્ત્રો, એક જોડી ચંપલ તથા એક રૂમાલથી ચલાવવાનું ! પણ આ લોકડાઉને આ બધી આદતો પાડી નાખી.

અહીં ચોવીસ કલાક સ્વજનો સાથે રહેવાનો એક આનંદ અનેરો હતો. કોઈપણ જાતની મુંબઈ જેવી દોડા-દોડી નહીં, શાંતિથી સાધુ-સંતોના પ્રવચનો સાંભળવાનાં, કુટુંબીજનો સાથે શાંતિથી બેસી ચર્ચા કરવાની, કુટુંબીજનોએ દરેકને પોતાનાં વિચારો શાંતિપૂર્વક રજુ કરવાનો મોકો મળતાં અનેક પ્રકારની મનમાં ભરાયેલ શંકા-કુશંકાઓ દૂર થઈ.

આ બધામાં હજી એક ચીજ તો ઉમેરવાની રહી ગઈ. સવારમાં વહેલાં ઉઠતાની સાથે અનેક પ્રકારનાં પક્ષીઓનો કલરવ સાંભળવા મળ્યો. વૃક્ષો પર ખીલી ઉઠેલ ફૂલો તથા પાંદડાઓને જોવાનો એક અનોખો આનંદ થયો. આ બધા અનુભવો વચ્ચે એમજ લાગ્યું કે જે થાય છે તે સારા માટે. મારા માટે તો બે મહિનાથી વધુનાં સમયે અનેક ચીજો વગર ચલાવવાની આદત પાડી દીધી. આ લોકડાઉન જાહેર કરનારા આપણા લાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર પણ માનવો રહ્યો. છેલ્લે એમ જ લાગ્યું કે પ્રભુ જે કાંઈ કરે છે તે આપણા સારા માટે કરે છે.

**– સી.એ. પદમકુમાર ઠાકરશી પોલડિયા**
**(હાલ ટીટવાલા)**
**મો. 9820413141**

**નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત લેખ-કાવ્ય-ચર્ચા પત્રોમાં વ્યક્ત થયેલા વિચારો જે તે લેખકના છે. તેની સાથે પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ સહમત છે તેમ માનવું નહીં.**

## કોરોના ટોર્ચના પ્રકાશમાં ભારતની સામાજિક, આર્થિક અને સ્વાસ્થ્ય વ્યવસ્થા...

૬ ઠા પાનાથી ચાલુ

તો મુહપત્તિ હાલમાં જેને 'માસ્ક' કહીએ છે તેનો ઉપયોગ તો સદીઓથી થઇ રહ્યો છે. કેટલાક લોકો તો નાના બાળકોને હોસ્પિટલમાં ના લઇ જવું એવું પણ પણ માને છે, જેથી તેમને અન્ય રોગનો ચેપ ના લાગે. જેને આજે આપણે કોવિડ૧૯ના સંદર્ભમાં SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રેક્ટીસ) કહીયે છીએ.

હવે આ કોવીડ-૧૯ કે કોરોનાના કોપ અને વ્યાપ પછી આ સામાજિક દુરી સરકાર માન્ય થઇ ગઈ અને તેનું પાલન ન કરનાર ગુનાને પાત્ર થાય છે! આ સ્થાને આપણા પૂર્વજો એ કહેલ અનુભવસિદ્ધ કહેવત 'ઇતિહાસ નું પુનરાવર્તન થાય છે' સાચી થતી લાગે છે.

**પણ પછી જેમ જેમ આ બધી પ્રથાઓ કે રિવાજો ઓછા થતા ગયા તેમ તેમ મનુષ્યના શરીરે પ્રમાણમાં ઓછા ઘાતકી વિષાણુઓ અને જીવાણુઓ સામે સામુહિક પ્રતિકારક શક્તિ** (herd immunity) **ઉત્પન કરી અને વિકસાવી;** અને આપણે સૌ આ નવા રિવાજો કે પ્રથાઓ અને વિષાણુઓ અને જીવાણુઓ સાથે જીવવા લાગ્યા. બની શકે છે કે થોડા સમય પછી આપણે 'કોરોના વાઇરસ' સામે પણ સામુહિક પ્રતિકારક શક્તિ ઉત્પન્ન કરીને તેની સાથે જીવવા લાગીએ. **પણ હાલમાં આપણા મોટા ભાગના લોકોમાં આ નવા પ્રકારના વિષાણુઓ સામેની પ્રતિકારક શક્તિ નથી.**

હું વ્યવસાયે ઈજનેર હોવાથી વિજ્ઞાનના વિદ્યાર્થી તરીકે થોડું વનસ્પતિ શાસ્ત્ર (બોટની) અને જીવ શાસ્ત્ર (બાયોલોજી) વિષય પણ ભણેલ છે; પણ આ **આપણા જૈન ધર્મ કે શાસ્ત્રનો નિગોદનો વિચાર કે પરિકલ્પના** (concept) **જેમાં એક જ શરીરમાં અન્ય કેટલાય સુક્ષ્મ જીવો જેને આપણે જીવાણુ કહીયે છીએ તે હોઈ શકે છે; તે મને ક્યાં પણ અભ્યાસ ક્રમમાં વાંચવા નથી મળ્યો! આ જોતાં લાગે છે કે આપણે મનુષ્યો કે અન્ય બહુ ઇન્દ્રિય સજીવો પણ નિગોદ જ છીએ. જીવાણુઓ, વિષાણુઓ અને શુક્રાણુઓ એ બહુ ઇન્દ્રિય સજીવોના શરીરનો અભિન્ન ભાગ છે.**

છીપનું મોતી :

**દ્રષ્ટિ નહીં પણ દ્રષ્ટિકોણ બદલાવાથી વ્યકતિ કે વાસ્તવિકતા વિષે સાચી સમજ અને સત્ય ઉજાગર થાય છે.**

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૨



લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

વૈદિક ધર્મ

ॐ असतो मा सदगमय, तमसो मा ज्योतिर्गमय ।
मृत्योमां अमृतं गमय, ॐ शान्तिः शान्तिः शान्तिः ।।

આ શ્લોક શ્રી આસીત દેસાઈનાં સ્વર અને સંગીતમાં લોકડાઉન દરમ્યાન ડી.ડી. નેશનલ ઉપર ''ચાણક્ય'' સીરીયલને ફરીથી દેખાડવામાં આવી ત્યારે કાનમાં ગુંજવા લાગ્યો. સરળ ગુજરાતી ભાષામાં આ શ્લોકનું સુંદર રૂપાંતર શાળાઓમાં પ્રાર્થના વખતે આજે પણ ગવાય છે. કચ્છમાં કેટલાક કુદરતી ઉપચાર કેન્દ્રોમાં પણ કર્ણપ્રિય સ્વરોમાં આ શ્લોકનું આત્મીય સ્વરૂપ આપણને સાંભળવા મળે છે તેથી વૈદિકકાળના આ અને આવા અનેક શ્લોકો ઋચાઓ આપણા જીવનને સફળ બનાવે છે અને પરમાત્મા કે ઈશ્વર તરફ દોરી જાય છે.

**''અસત્યો માંહેથી, પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,**
**ઉંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજ તું લઈ જા;**
**મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,**
**તું- હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા.''**

આ શ્લોકનો મહિમા કરવો હોય તો યાચક કહે છે કે હું અજ્ઞાન, અણસમજથી ઘેરાયેલો છું, સત્ય શું છે, ઈશ્વર કે પરમાત્મા કોણ છે તે જાણવા હું અસમર્થ છું. હું જન્મોજન્મથી અંધકારમાં ભટકી રહ્યો છું. તેથી જ મને પરમ તેજ પરમ સત્ય તરફ લઈ જા. આ જન્મ-મૃત્યુનાં ચકરડામાંથી મને મુક્ત કરી અમરત્ત્વ પ્રાપ્ત કરાવ. હું તો શક્તિ વગરનો બદનામ છું મને તારા દર્શન કરાવ તેથી મારી જીવન નૈયા પાર થઈ જાય.

વૈદિક ધર્મની સ્થાપના ભારતવર્ષમાં આશરે ૫૦૦૦ વર્ષથી પણ પહેલા થઈ છે. કોઈ એક ધર્મગુરુએ એની સ્થાપના કરેલ નથી પણ અનેક ઋષિમુનીઓએ એને વિકસાવેલ છે.

વૈદિક ધર્મની પરંપરા, સિદ્ધાંતોનું ''ચાણક્ય'' સિરિયલમાં સુપેરે પ્રસ્તુતીકરણ કરવામાં આવ્યું છે અને તે માટે ડૉ. ચંદ્રપ્રકાશ દ્વિવેદી ''ચાણક્ય'' પાત્રના અભિનય માટે, પટકથા માટે તેમજ દિગ્દર્શન માટે અભિનંદનનાં અધિકારી છે.

બહુ ટુકાણમાં વૈદિક ધર્મ વિશે માહિતી આપવાની કોશીશ કરીએ. વૈદિક ધર્મમાં આત્મા સર્વવ્યાપી છે તે સિદ્ધાંત ઉપર સૌથી વધારે ભાર મુકવામાં આવ્યો છે.

જે માનવી એ સમજી જાય કે 'ઘટ ઘટમેં તોરા સાંઈ રમત હૈ' એ પછી કોના ઉપર નારાજ થશે ? કોને મારશે? કોને સતાવશે ? કોને ગાળો દેશે ? કોની સાથે ખરાબ વ્યવહાર કરશે ?

વૈદિક ધર્મ માને છે કે સમગ્ર જગતમાં ઈશ્વર જ સર્વત્ર ફેલાયેલા છે. એ ઈશ્વરને પામવા માટે, એ ઈશ્વરને સમજવા માટે આ મનુષ્ય જીવન આપણને મળ્યું છે અને તેમને પામવાનો રસ્તો - એનું નામ જ વૈદિક ધર્મ.

મનુ મહારાજે ધર્મના ચાર લક્ષણ બતાવ્યો છે.

(૧) વેદ, (૨) સ્મૃતિ, (૩) સદાચાર અને (૪) આત્માની ઓળખ આપનાર આચરણ.

એ જ પ્રમાણે ધર્મના ૬ આધાર બતાવવામાં આવ્યા છે. (૧) સત્ય, (૨) ઋત, (૩) દીક્ષા, (૪) તપ, (૫) બ્રહ્મ અને (૬) યજ્ઞ. આ ૬ આધારો ઉપર પૃથ્વી ટકી રહી છે.

**સત્ય :-** ધર્મમાં સત્યને સૌથી પહેલું સ્થાન આપવામાં આવ્યું છે અને તે યથાયોગ્ય જ છે. જે સમજી શકાય છે.

**ઋત :-** ઋતનો અર્થ છે સીધી રેખા-નિયમ. સંસારના બધા જ પદાર્થ નિયમ અનુસાર સીધી રેખા પ્રમાણે ચાલે છે. મનુષ્યે પણ એ જ નિયમ પ્રમાણે સીધી રેખા પ્રમાણે ચાલવું જોઈએ. નિયમ એટલે કે નીતિ પ્રમાણે ચાલવું જોઈએ. ઋતમાં ન્યાયનો અને સદાચારનો પણ સમાવેશ થઈ જાય છે. (વધુ આવતાં મણકામાં...)

અહિં વિદાય લેતા પહેલા જૈન સાહિત્યમાંથી કાંઈક ટાંકવાનું અને તેના પર મનન કરવાનું મન થાય છે.

जा य सच्चा अवत्तव्वा सच्चामोसा य जा मुसा ।
जा या बुद्धेहि णाइन्ना न तं भासेज्ज पण्णवं ।।
-दसवैकालिक-७-२.

જે ભાષા સત્ય હોવા છતાં બોલવા જેવી ન હોય, જે ભાષા સત્ય અને અસત્યના મિશ્રણવાળી હોય, જે ભાષા અસત્ય હોય અને જે ભાષા જ્ઞાનીઓએ વર્જ્ય ગણી હોય તેવી ભાષા પ્રજ્ઞાવાન સાધકે બોલવી નહિં.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन' માંથી)

અંતમાં જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈપણ મારાથી આલેખન થયું હોય તો તેનું અન્તઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ.

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

# KDO શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## મુંબઇ મહાજન સમિતિ અને ટ્રસ્ટ કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦૨૦નો અહેવાલ

**જય જય શ્રી અનંતનાથ!** ભારત સરકાર કે રાજ્ય સરકારની વ્યવસ્થા કર (ટેક્ષ)થી ચાલે જ્યારે સંસ્થા અને મહાજન દાતાશ્રીઓના વહેતા દાનથી ચાલે! **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**ની વ્યવસ્થાપક સમિતિ અને **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**ના ટ્રસ્ટ બોર્ડ **કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦૨૦** માટે ક.દ.ઓ. જ્ઞાતિજનોની સેવા માટેનો સુંદર લાભ અને સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું.

વિવિધ આશાઓ અને જ્ઞાતિહિતના કાર્યને વિકાસલક્ષી બનાવવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ સમિતિની રચનાઓ થઇ. શુભારંભે જ શ્રેય શુભાંત.

### શ્રી ગૌતમસ્વામી મહાપૂજન :

ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામીના પ્રથમ ગણધર અનંતલબ્ધિનિધાન **શ્રી ગૌતમસ્વામી મહાપૂજન** પ.પૂ.સાધ્વી **શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા અને યતિવર્ય **શ્રી મોતીસાગરજી મ.સા.**ની પાવનકારી નિશ્રામાં **રવિવાર, તા. ૧૯.૦૪.૨૦૧૫** શુભ દિને થયેલ.

૫૧ ઉથી અધિક જ્ઞાતિજનો અનુષ્ઠાનમાં ઉત્સાહભેર જોડાયા હતા. પધારેલ સહુ જ્ઞાતિજનો માટે સાધર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ તેમજ કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦૨૦ માટે નિમાયેલા **પ્રમુખ પદ** માટે સર્વાનુમતે **શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપર ગઢવારી)**એ પોતાના માર્મિક પ્રવચનમાં સહુનો આભાર માન્યો હતો. સાથે જ્ઞાતિહિતના કાર્યો માટે **'સહુનો સાથ જ્ઞાતિનો વિકાસ'**ની વાત વહેતી મૂકી હતી.

### દીક્ષા મહોત્સવ :

#### વર્ષ ૨૦૧૫-૨૦૧૬ :

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ, શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-સાંધવ** અને **શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપ**ના નેજા હેઠળ **મુમુક્ષુ કુ. હેતલબેન**નો ભવ્ય **પંચાન્હિકા દીક્ષા મહોત્સવ** સોમવાર, તા. ૨૦.૦૪.૨૦૧૫ થી શુક્રવાર, તા. ૨૪.૦૪. ૨૦૧૫ યોજાયો. સાહિત્ય દિવાકર, પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**, સરળ સ્વભાવી, ગણિવર્ય **પ.પૂ.મુનિરાજ શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.** આદિ ઠાણાની શુભ નિશ્રામાં આપણા જ જ્ઞાતિની દીકરી સર્વવિરતિ વ્રત ધારણ કરવા ઉત્સાહિત હતી. **બુધવાર, તા. ૨૨.૦૪.૨૦૧૫**ના શુભદિને ગુરૂભગવંતોનું ઢોલ-શરણાઇના સુરે, આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. **ગુરૂવાર, તા. ૨૩.૦૪.૨૦૧૫**ના શુભદિને મુમુક્ષુ કુ. હેતલબેનના વરદ્‌હસ્તે વર્ષીદાનનો વરઘોડો નગરજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવી. દીક્ષા સંદર્ભે વિવિધ નૂતન દીક્ષાર્થી માટે સર્વવિરતિના ઉપકરણો અર્પણ કરવા માટેના વિવિધ ચડાવા લેવામાં આવ્યા. લાભાર્થી પરિવારો દ્વારા પણ અદ્વિતીય ઉત્સાહ હતો. **શુક્રવાર, તા. ૨૪.૦૪.૨૦૧૫** ના શુભદિને દીક્ષા આપવામાં આવી. હવે મુમુક્ષુ કુ. હેતલબેન માંથી **પ.પૂ.સાધ્વી શ્રી મ.સા.નું નામ હીરગુણાશ્રીજી મ.સા.** જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યું. વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો તેમજ આમંત્રિત મહેમાનો દીક્ષા મહોત્સવના સાક્ષી બન્યા. સતત પાંચ દિવસ સાધર્મિક ભક્તિ, મહેંદી રસમ, વિવિધ ભક્તિ ભાવના અને અનુષ્ઠાનોથી ભરપૂર હતો.

#### મુમુક્ષુ કુ. ભાવિબેનની સાંજી :

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના નેજા હેઠળ **મુમુક્ષુ કુ. ભાવિબેન**નો **ચારિત્ર વંદનાવલિ સહ દીક્ષાર્થીની સાંજી** સંગીતના સથવારે શ્રી અનંતનાથ દાદાના ભવ્ય દરબારે, મસ્જીદબંદર મધ્યે રવિવાર, તા. ૧૫.૦૧.૨૦૧૭ના યોજાયો હતો.

#### મુમુક્ષુ પ્રતિકભાઇ અને મુમુક્ષુ ગૌતમભાઇની સાંજી :

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના નેજા હેઠળ **મુમુક્ષુ પ્રતિકભાઇ અને મુમુક્ષુ ગૌતમભાઇ**નો ચારિત્ર વંદનાવલિ સહ **મુમુક્ષુની સાંજી** સંગીતના સથવારે શ્રી અનંતનાથ દાદાના ભવ્ય દરબારે રવિવાર, તા. ૧૮.૦૮.૨૦૧૯ના યોજાયો હતો.

### પ્રતિષ્ઠા મહોત્સવ :

#### અનંતછાયા, શ્રી ત્રિશિખરીય નૂતન સંગેમરમર જિનાલયે શ્રી અનંતનાથ દાદાની પાવન પ્રતિષ્ઠા સહ અષ્ટાન્હિકા મહોત્સવ :

ઘણા વર્ષો બાદ ફરી જ્ઞાતિના આંગણે શ્રી અનંતનાથ દાદાના પાવન પ્રતિષ્ઠા સંગેમરમર (આરસના પાષાણથી નિર્મિત) નૂતન જિનાલયે જિનશાસન શિરોમણિ, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**, પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** તેમજ પાલિતાણા મધ્યે આચાર્ય પદે વિભૂષિત **ત્રણ-ત્રણ નૂતન આચાર્ય** સહ વિશાળ સંખ્યામાં શ્રમણ-શ્રમણી વૃંદો, આમંત્રિત મહેમાનો સહ વિશાળ સમૂદાયમાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં ભવ્ય પ્રતિષ્ઠા **રવિવાર, તા.૦૯.૦૪.૨૦૧૭**ના શુભ દિને કુંભ સ્થાપના, **શનિવાર, તા. ૧૫.૦૪.૨૦૧૭ થી શનિવાર, તા. ૨૨.૦૪.૨૦૧૭** દરમ્યાન ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો, શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઇ** અને **શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ**ની સુંદર વ્યવસ્થા અને સંચાલનથી સંપન્ન થઇ.

અષ્ટાન્હિકા મહોત્સવે વિવિધ વિધાનો, વિવિધ અનુષ્ઠાનો, પ્રતિમાજીઓની ભવ્ય પ્રતિષ્ઠા, દૈનિક ભક્તિ ભાવના, આઠ દિવસ સાધર્મિક ભક્તિ, રંગમંડપ, વિધિ વિધાન ખંડના વિવિધ લાભો ચડાવા, તેમજ સર્વ સાધારણ ખાતેના લાખેણા - સહયોગી દાતાશ્રીઓના ઉદારદીલે આપેલ દાનથી પ્રસંગ શોભી ઉઠયો.

#### શ્રી વિમલનાથ દાદાની પાવન પ્રતિષ્ઠા, શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ, કાંજુરમાર્ગ :

શ્રી અનંતનાથજી દાદાની પાવન પ્રતિષ્ઠા બાદ થોડાક દિવસોમાં જ **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ, શ્રી**

**અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ કાંજુરમાર્ગ**ના આંગણે સંગેમરમર (પાષાણ)માં **દેવવિમાનતુલ્ય દેવકુલિકા ગૃહચૈત્યે મૂળનાયક શ્રી વિમલનાથ દાદા**ની પાવન પ્રતિષ્ઠા જિનશાસન શિરોમણિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગર-સૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાના માર્ગદર્શન તથા ગચ્છાધિપતિના આજ્ઞાનુવર્તીની શાસનપ્રભાવિકા પ.પૂ.સાધ્વી શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી હિમાંશુશ્રીજી મ.સા.**ની શુભ નિશ્રામાં ગુરૂવાર, તા. ૦૪.૦૫.૨૦૧૭ થી શનિવાર, તા. ૦૬.૦૫.૨૦૧૭ દરમ્યાન **ત્રયાન્હિકા મહોત્સવે** થયેલ.

પ્રતિષ્ઠા મહોત્સવે પ્રભુજીને તેડવા માટે રથયાત્રા, કુંભ સ્થાપના, અખંડદીપક, જ્વારા રોપણ, નવગ્રહ પાટલા પૂજન, ૧૦ દિક્પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન, પ્રભુજીની આંગી, રાત્રિ ભક્તિ ભાવના, અઢાર અભિષેક પૂજન, લઘુશાંતિ સ્નાત્ર પૂજન, જિનાલય દ્વાર ઉદ્ઘાટન પધારેલ સર્વે આમંત્રિત મહેમાનો, વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ વિવિધ લાભાર્થીઓના સહયોગથી સંપન્ન થયેલ. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ કાંજુરમાર્ગના સંચાલકો અને સ્વયંસેવકોએ ત્રયાન્હિકા મહોત્સવમાં સુંદર વ્યવસ્થા સંભાળેલ.**

**શ્રી આદિનાથ જિનાલય, સાનપાડા-નવી મુંબઇ નૂતન જિનાલય અને પ્રતિષ્ઠા મહોત્સવ :**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** અને **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** દ્વારા સંચાલિત **માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ (લાખણીયા) પરિવાર શેઠશ્રી ભૂપેન્દ્રભાઇ મુરજી દંડ (ભૂમિરાજ ગ્રુપ)** દ્વારા સ્વદ્રવ્યે શનિવાર, તા. ૨૪.૦૬.૨૦૧૭ થી સોમવાર, તા. ૨૬.૦૬.૨૦૧૭ દરમ્યાન **ત્રયાન્હિકા મહોત્સવ** પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાની શુભ નિશ્રામાં શ્રી માણેક સ્થંભ, તોરણબંધન, ક્ષેત્રપાલ પૂજન, નવગ્રહ-દશ દિક્પાલ પૂજન, ૧૮ અભિષેક પૂજન, શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનું હવન અનુષ્ઠાન, શ્રી લઘુશાંતિ સ્નાત્ર પૂજા, સત્તરભેદી પૂજા, જિનાલય દ્વારોદ્ઘાટન યુવા વિધિકાર તથા સંગીતકાર, પરમેષ્ઠિરત્ન ડૉ. **હર્ષભાઇ પ્રકાશ દેઢિયા (તલવાણા)** અને સાથી કલાકારોના સથવારે, વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો.

**ચરમતીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામીની પાવન પ્રતિષ્ઠા, શ્રી રાણપર તીર્થ (કચ્છ) :**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** અને **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - રાણપર** દ્વારા શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનો ચોથા **ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ**નું આયોજન કરવાનું સદ્ભાગ્ય અમને પ્રાપ્ત થયું.

પાવાપુરી–જલમંદિર સમાન નૂતન જિનાલયે પ્રગટ પ્રભાવી દાદાને ગાદીનસિન કરવાનો એક અમૂલ્ય લાભ જ્ઞાતિજનોને મળ્યો. બુધવાર, તા. ૧૩.૦૨.૨૦૧૯ થી શુક્રવાર, તા. ૧૫.૦૨.૨૦૧૯ દરમ્યાન **પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.** આદિ ઠાણા-૧, **પ.પૂ.સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૪ તેમજ **યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં અને વિધિવિધાન **શ્રી કેવલ સાવલા**ના સથવારે થયો. પ્રતિષ્ઠા મહોત્સવે સ્નાત્રપૂજા, કુંભસ્થાપના, દીપક સ્થાપના, જ્વારારોપણ, શ્રી ક્ષેત્રપાળ સ્થાપના પૂજન, શ્રી લઘુ નંદ્યાવર્ત પૂજન, શ્રી નવગ્રહ પૂજન, શ્રી દશદિક્પાલ પૂજન, શ્રી અષ્ટમંગલ પૂજન, શ્રી શાંતિકુંભ, ભક્તિ ભાવના, પ્રભુજીના પોંખણા, પ્રભુજીને ગર્ભ-ગૃહ પ્રવેશ, શ્રી અઢાર અભિષેક વિધાન, શ્રી લઘુ શાંતિ સ્નાત્ર મહાપૂજન, જિનાલય દ્વારોદ્ઘાટન વિધાન, અબોલ જીવો માટે પાણીનો અવાડા અને સાધર્મિક ભક્તિના વિવિધ લાભોના ચડાવા અને નકરા સાથે આમંત્રિત મહેમાનો, વિશાળ સમુદાયમાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

**સમૂહલગ્ન :**

**૭૪મો સમૂહલગ્ન :**

કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦માટે પ્રથમ અને શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન, મુંબઇનો સતત **૭૪મો સમૂહ લગ્ન** વિવિધ દાતાશ્રીઓના સથવારે **કુલ ૭ નવયુગલો**એ શનિવાર, તા. ૦૨.૦૫.૨૦૧૫ના શુભદિને પ્રભુતામાં પગલા માંડ્યા. ૧૪ પરિવારોના સ્નેહભર્યા સંબંધોનો મહત્વનો દિવસ! મહાજનશ્રી દ્વારા **પંચવર્ષિય દાતાશ્રીઓની વિવિધ શ્રેણીઓની યોજના** જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી જેથી જ્ઞાતિહિતના વિકાસલક્ષી કાર્યોમાં વેગ મળે. ઉપસ્થિત જ્ઞાતિજનો તેમજ આમંત્રિત મહેમાનોએ પંચવર્ષિય યોજનાને સહર્ષ આવકાર્યા હતા. અંદાજે ૨૮૦૦થી અધિક જ્ઞાતિજનોએ ૭ નવયુગલોને આશીર્વાદ આપી પ્રસંગની શોભા વધારી.

**૭૫મો સમૂહલગ્ન :**

૭૪માં સમૂહલગ્નમાં સારો એવો પ્રતિસાદ બાદ સારી એવી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હોવાથી જગ્યાનો અભાવ સ્પષ્ટપણે જણાયો હતો. જેને ધ્યાનમાં લઇને આવો જ સુંદર આયોજન ડોંબિવલી ખાતે યોજવાનો દ્રઢ નિર્ધાર સાથે **એસ.વી.જોશી હાઇસ્કુલ-ડોંબિવલી** ખાતે **બે દિવસીય** શનિવાર, તા. ૧૯.૧૨.૨૦૧૫ થી રવિવાર, તા. ૨૦.૧૨.૨૦૧૫ દરમ્યાન યોજવામાં આવેલ. પ્રથમ દિવસે સાંજે ૪:૩૦ કલાકે રાસગરબા અને દાંડીયારાસનું આયોજન અને ચૌવિહારની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ. બીજા દિવસે શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયના આશિર્વાદ સાથે વિજયમુર્હૂત ૧૨:૩૯ કલાકે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારોના સહયોગે ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૩ નવયુગલો**ને આપવામાં આવી હતી. બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ સાથે પ્રસંગ સફળ સંપન્ન થયો.

**૭૬મો સમૂહલગ્ન :**

શનિવાર, તા. ૨૩.૦૪.૨૦૧૬ના દિવસે જ્ઞાતિના જ પટ્ટાંગણ **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે યોજવામાં આવેલ. શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયમાં આશિર્વાદ સાથે વિજયમુર્હૂતે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારો દ્વારા

ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૫ નવયુગલોને** આપવામાં આવી. ૧૦ પરિવારોના મિલન સાથે અંદાજે ૨૦૦૦થી અધિક સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ સાથે પ્રસંગ સફળ સંપન્ન થયો.

**૭૭મો સમૂહલગ્ન :**

રવિવાર, તા. ૦૫.૦૨.૨૦૧૭ના દિવસે જ્ઞાતિના જ પટ્ટાંગણ **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે યોજવામાં આવેલ. શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયમાં આશિર્વાદ સાથે વિજયમુર્હૂતે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારો દ્વારા ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૫ નવયુગલોને** આપવામાં આવી. ૧૦ પરિવારોના મિલન સાથે અંદાજે ૨૨૦૦થી અધિક સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ સાથે પ્રસંગ સફળ સંપન્ન થયો.

**૭૮મો સમૂહલગ્ન :**

રવિવાર, તા. ૦૪.૦૩.૨૦૧૮ દરમ્યાન જ્ઞાતિના જ પટ્ટાંગણ **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે યોજવામાં આવેલ. શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયમાં આશિર્વાદ સાથે વિજયમુર્હૂતે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારોના સહકારે ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૧ નવયુગલને** આપવામાં આવી. ૨ પરિવારોના મિલન સાથે અંદાજે ૪૫૦થી અધિક સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ સાથે પ્રસંગ ઉજવાયો.

**૭૯મો સમૂહલગ્ન :**

રવિવાર, તા. ૨૭.૦૧.૨૦૧૯ દરમ્યાન જ્ઞાતિના જ પટ્ટાંગણ **શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ, કાંજુરમમાર્ગ** ખાતે યોજવામાં આવેલ. શુભ સવારે નવકારશી બાદ જાનૈયાનું સામૈયું તેમજ આમંત્રિત મહેમાનો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં વિશાળ સમુદાયમાં આશિર્વાદ સાથે વિજયમુર્હૂતે થયેલ. વિવિધ શ્રેણીના લાભાર્થી પરિવારોની ઉદારતાએ ભાતભાતની સમૂહ ભેટ મહાજનશ્રીના નેજા હેઠળ **૬ નવયુગલને** આપવામાં આવી. ૧૨ પરિવારોના મિલન સાથે અંદાજે ૨૧૦૦થી અધિક સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઇ બપોરની સાધર્મિક ભક્તિ બાદ આશિર્વાદ સમારંભ અને બપોરની ચા-પાણી બાદ વિદાય સમારંભ સાથે પ્રસંગ સફળ સંપન્ન થયો.

## એપ્ટીટયુડ ટેસ્ટ :

**એપ્ટીટયુડ ટેસ્ટ (પ્રથમ) :**

યોગ્ય કારકિર્દી પસંદગી માટે ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે એપ્ટીટયુડ ટેસ્ટની અતિ આવશ્યક હોય છે. મહાજનશ્રી વિદ્યાભ્યાસ ક્ષેત્રે સતત કાર્યરત છે. ઉચ્ચ અભ્યાસ જ્ઞાતિના વિકાસમાં ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. ખોટી પસંદગી વિદ્યાર્થીનો સમય અને રકમ બન્ને વેડફે છે. આ વિચારધારા સાથે **મોતી પંચાણ સ્કુલ, મુલુન્ડ** ખાતે જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે એપ્ટીટ્યડ ટેસ્ટનું આયોજન રવિવાર, તા. ૧૭.૦૫.૨૦૧૫ના દિને કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૧૯ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા. યોગ્ય નિષ્ણાંતો દ્વારા તેમનું યોગ્ય વિશ્લેષણ પર કરવામાં આવ્યું હતું.

**એપ્ટીટયુડ ટેસ્ટ (દ્વિતીય) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (દ્વિતીય)નું આયોજન શનિવાર, તા. ૨૬.૧૨.૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૨૫ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા. યોગ્ય નિષ્ણાંતો દ્વારા તેમનું યોગ્ય વિશ્લેષણ પર કરવામાં આવ્યું હતું. એપ્ટીટ્યુડ ટેસ્ટ સાથે **શ્રી કે.ડી.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ** સાથે સંયુક્ત પણે આયોજિત **સ્કોરમંત્ર અને મોટીવેશન** કાર્યક્રમમાં સફળતાપૂર્વક વિદ્યાર્થીઓ જોડાયા હતા.

**એપ્ટીટયુડ ટેસ્ટ (તૃતિય) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (તૃતિય)નું આયોજન **શેઠશ્રી નરશી નાથા એ.સી. હોલ, ભાંડુપ**માં, રવિવાર, તા. ૨૯.૦૫.૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૦૧ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા.

**એપ્ટીટયુડ ટેસ્ટ (ચતુર્થ) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (ચતુર્થ)નું આયોજન **શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર** ખાતે રવિવાર, તા. ૨૩.૦૪.૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૦૬ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા.

**એપ્ટીટયુડ ટેસ્ટ (પાંચમું) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (પાંચમું)નું આયોજન **શ્રી વીરજી લધાભાઇ ક. દ. ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર** ખાતે રવિવાર, તા. ૧૫.૦૪.૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૮૧ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા.

**એપ્ટીટયુડ ટેસ્ટ (છઠ્ઠું) :**

એપ્ટીટયુડ ટેસ્ટ (છઠ્ઠું)નું આયોજન **શ્રી વીરજી લધાભાઇ ક. દ. ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર** ખાતે રવિવાર, તા. ૧૪.૦૪.૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું. જેમાં **કુલ ૧૩૩ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ** મુંબઇ ઉપરાંત દેશાવરથી પણ જોડાયા હતા.

## ચાતુર્માસ પ્રવેશ અને ગુરૂભગવંતોની સ્થિરતા:

**શ્રી અનંતનાથજી જિનાલય (મસ્જીદબંદર) :**

બાર માસ કર્મની ક્રિયામાં આરંભ સમારંભથી થયેલ અનેક કર્મોથી પૂણ્ય કરતાં વિશેષ અનંત પાપો થતાં હોય. તેના વિપાકો યોગ્ય સમયે ભોગવવા પડતા હોય છે. પર્યુષણાકલ્પમાં તેનું વિસ્તૃત વર્ણન આવે છે. ૧૨ માસમાં માત્ર **૪ માસ વર્ષાઋતુ**માં સાધુ-સાધ્વી ભગવંતોને સ્થિરતાની જિનાજ્ઞા હોય છે. તેનું પાલન યોગ્ય અને નિર્ધારિત સમયે થતું જ હોય છે. આ ચાર માસ દરમ્યાન ગુરૂભગવંતો પાસે નિત્ય જ્ઞાન અને બોધ મળતાં રહે છે. આપણા જીવનને ધન્ય બનાવવા તેમજ ધર્મ પ્રત્યે સ્થિરતા પ્રદાન કરવામાં ચાતુર્માસ બહુજ મહત્વનો ભાગ ભજવે છે. તે માટે મહાજનશ્રી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ને વિનંતિ પત્ર તેમજ રૂબરૂ મળીને વિનંતી કરી ગુરૂભગવંતની નિશ્રા માટે વિનંતિ સતત કરતું રહે છે. ગુરૂકૃપાએ દરેક ચાતુર્માસમાં મસ્જીદબંદર તથા ભાંડુપ ખાતે ગુરૂભગવંતોની નિશ્રા ઉપલબ્ધ થઇ.

**વર્ષ ૨૦૧૫-૧૬ :**

**પ.પૂ.સાધ્વી શ્રી ચારૂલત્તાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩નો શુભ મંગલ પ્રવેશ તા. બુધવાર, તા. ૨૨.૦૭.૨૦૧૫ના શુભદિને સવારે ૭:૦૦ કલાકે ઢોલ-શરણાઇના સુર સાથે જ્ઞાતિજનો અને વિવિધસંઘોના મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી હતી. બપોરની સાધર્મિક ભક્તિનું સુંદર આયોજન પણ કરવામાં આવેલ. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મસ્જીદબંદર**ના સ્વયંસેવકો દ્વારા સુંદર સંચાલન કરવામાં આવેલ. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

**પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી તીર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી મહાવ્રતગુણાશ્રીજી મ.સા.** અને પ.પૂ.સાધ્વી **શ્રી હીરગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૫નો શુભ મંગલ પ્રવેશ તા. બુધવાર, તા. ૦૬.૦૭.૨૦૧૬ના શુભદિને સવારે ૬:૩૦ કલાકે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

**પ.પૂ.સાધ્વી મુખ્યા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી નંદિષેણાશ્રીજીશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી શાસનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી સુનયનાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩નો શુભ મંગલ પ્રવેશ બુધવાર, તા. ૦૫.૦૭. ૨૦૧૭ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

**પ.પૂ.સાધ્વી શ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી પ્રશમરસાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી રાજનંદીશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૪નો શુભ મંગલ પ્રવેશ રવિવાર, તા. ૨૨.૦૭.૨૦૧૮ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

**પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી મૌનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી વંદનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી પરાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિરકગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૪નો શુભ મંગલ પ્રવેશ તા. શનિવાર, તા. ૦૬.૦૭.૨૦૧૯ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**શ્રી આદિનાથ જિનાલય, ભાંડુપ :**

**વર્ષ ૨૦૧૫-૧૬ :**

**પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી વંદનગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૩નો શુભ મંગલ પ્રવેશ તા. ગુરૂવાર, તા. ૨૩.૦૭.૨૦૧૫ના શુભદિને સવારે ૬:૩૦ કલાકે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૬-૧૭ :**

**પ.પૂ.સાધ્વી શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા.** આદિ ઠાણાનો શુભ મંગલ પ્રવેશ તા. રવિવાર, તા. ૧૦.૦૭.૨૦૧૬ના શુભદિને સવારે ૭:૩૦ કલાકે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને ચાતુર્માસ કાર્યક્રમની સૂચિ ઉપસ્થિત જ્ઞાતિજનો સમક્ષ રાખવામાં આવી.

**વર્ષ ૨૦૧૭-૧૮ :**

**પ.પૂ.સાધ્વી શ્રી તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી નવકારપ્રિયાશ્રીજી મ.સા.**,આદિ ઠાણા-૪નો શુભ મંગલ પ્રવેશ તા. બુધવાર, તા. ૨૮.૦૬.૨૦૧૭ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

**પ.પૂ.સાધ્વી શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણાનો શુભ મંગલ પ્રવેશ શનિવાર, તા. ૧૪.૦૭.૨૦૧૮ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

**પ.પૂ.સાધ્વી શ્રી અભયગુણાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ.સાધ્વી શ્રી વિરાગગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી ઋજુગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી જિનરાજગુણાશ્રીજી મ.સા.**આદિ ઠાણા-૪નો શુભ મંગલ પ્રવેશ તા. બુધવાર, તા. ૧૦.૦૭.૨૦૧૯ના શુભદિને સવારે થયો. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ બાદ માંગલિક પ્રવચન અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

**શ્રી અનંતનાથજી જિનાલય, મસ્જીદબંદર ધ્વજારોહણ મહોત્સવ :**

**વર્ષ ૨૦૧૫-૧૬ :**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી અનંતનાથજી જિનાલય, મસ્જીદબંદર**ની **૧૮૨મી ધ્વજારોહણ** નિમિત્તે **ત્રયાન્હિકા મહોત્સવ**નું સુંદર આયોજન શનિવાર, તા. ૨૨.૦૮.૨૦૧૫ થી સોમવાર, ૨૪.૦૮.૨૦૧૫ દરમ્યાન ૧૮૨મી ધ્વજારોહણને વિશેષ અને યાદગાર બનાવવા માટે ૧૮ અભિષેક પૂજન, કુમારપાળ રાજાની મહાઆરતી, સત્તરભેદી પૂજા, સાંજે ભક્તિ ભાવના, શ્રી સમ્મેત શીખરજી ભાવયાત્રા અને અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના કરવામાં આવી. જેમાં વિવિધ લાભ માટે લાભાર્થીઓનો ઉદારદિલે સિંહ ફાળો રહ્યો હતો. સાધર્મિક ભક્તિનું પણ સુંદર આયોજન તેમજ સુંદર વ્યવસ્થા માટે **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મસ્જીદબંદર શ્રી સંઘ**નો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

શ્રી અનંતનાથજી જિનાલય, મસ્જીદબંદરની **૧૮૩મી ધ્વજારોહણ** નિમિત્તે **પંચાન્હિકા મહોત્સવ**નું સુંદર આયોજન ગુરૂવાર, તા. ૦૭.૦૮.૨૦૧૬ થી સોમવાર, તા.૧૧.૦૮.૨૦૧૬ દરમ્યાન ૧૮૩મી ધ્વજારોહણને વિશેષ અને યાદગાર બનાવવા માટે **મૂળનાયક શ્રી અનંતનાથ દાદા** અને **જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા નાગડાની યશોગાથા**, ૧૮ અભિષેક પૂજન, કુમારપાળ રાજાની મહાઆરતી, સત્તરભેદી પૂજા, સાંજે ભક્તિ ભાવના, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અને અચલગચ્છા-ધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના સંગીતના સથવારે તેમજ **પ.પૂ.સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા.**, **પ.પૂ.સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા.**, **પ.પૂ.સાધ્વીશ્રી તીર્થગુણાશ્રીજી મ.સા.**, **પ.પૂ.સાધ્વી શ્રી મહાવ્રતગુણાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી હીરગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૫ અને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભનિશ્રામાં કરવામાં આવી હતી. જેમાં વિવિધ લાભ માટે લાભાર્થીઓનો ઉદારદિલે સિંહ ફાળો રહ્યો હતો.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

અનંત ઉપકાર આપણી ક.દ.ઓ. જ્ઞાતિ ઉપર રહ્યા છે એવા પરમ તારક તીર્થંકર શ્રી અનંતનાથ દાદાની **૧૮૪મો ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવ** રવિવાર, તા. ૩૦.૦૭.૨૦૧૭ થી મંગળવાર, તા. ૦૧.૦૮.૨૦૧૭ દરમ્યાન શ્રી પંચ કલ્યાણક પૂજા, કુમારપાળ રાજાની મહાઆરતી, ૧૮ અભિષેક પૂજન, શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના તેમજ શ્રી અનંતનાથ દાદાની ધ્વજા ગગને લહેરાઇ.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

પરમ તારક તીર્થંકર શ્રી અનંતનાથ દાદાની **૧૮૫મો ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવ** શુક્રવાર, તા. ૧૭.૦૮.૨૦૧૮ થી રવિવાર, તા. ૧૯.૦૮.૨૦૧૮ દરમ્યાન શ્રી પંચ કલ્યાણક પૂજા, કુમારપાળ રાજાની મહાઆરતી, ૧૮ અભિષેક પૂજન, શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના તેમજ શ્રી અનંતનાથ દાદાની ધ્વજા જિનાલયના ઉત્તુંગ શિખરે લહેરાઇ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

પરમ તારક તીર્થંકર શ્રી અનંતનાથ દાદાની **૧૮૬મો ધ્વજારોહણ પંચાન્હિકા મહોત્સવ** સોમવાર, તા. ૦૫.૦૮. ૨૦૧૯ થી શુક્રવાર, તા. ૦૯.૦૮.૨૦૧૯ દરમ્યાન શ્રી ગીરનાર ભાવયાત્રા, શ્રી નેમનાથ દાદાના દીક્ષા કલ્યાણક, શ્રી પંચ કલ્યાણક પૂજા, કુમારપાળ રાજાની મહાઆરતી, ૧૮ અભિષેક પૂજન, શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના તેમજ શ્રી અનંતનાથ દાદાની ધ્વજા જિનાલયના શિખરે લહેરાઇ.

**શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ, ધ્વજારોહણ મહોત્સવ :**

**વર્ષ ૨૦૧૫-૧૬:**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી આદિનાથજી જિનાલય, અનંતસિદ્ધિ, ભાંડુપ** (વેસ્ટ) ખાતે ધ્વજારોહણ નિમિત્તે ત્રયાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન બુધવાર, તા. ૨૭.૦૫.૨૦૧૫ થી શુક્રવાર, તા. ૨૯.૦૫.૨૦૧૫ દરમ્યાન ધ્વજારોહણ મહોત્સવને વિશેષ અને યાદગાર બનાવવા માટે ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, સાંજે ભક્તિ ભાવના, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અને અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના સંગીતકાર અને ગુરૂભગવંતોની શુભ નિશ્રામાં કરવામાં આવી. જેમાં વિવિધ લાભ માટે લાભાર્થીઓનો ઉદારદિલે સિંહ ફાળો રહ્યો હતો. સાધર્મિક ભક્તિનું પણ સુંદર આયોજન તેમજ સુંદર વ્યવસ્થા માટે **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ભાંડુપ** શ્રી સંઘનો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

શ્રી આદિનાથજી જિનાલય, અનંતસિદ્ધિ, ભાંડુપ (વેસ્ટ) ખાતે ધ્વજારોહણ નિમિત્તે ત્રયાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન સોમવાર, તા. ૧૩.૦૬.૨૦૧૬ થી બુધવાર, ૧૫.૦૬.૨૦૧૬ દરમ્યાન ધ્વજારોહણ મહોત્સવે ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, સાંજે ભક્તિ ભાવના, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અને અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના સંગીતકાર અને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં કરવામાં આવી.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

શનિવાર, તા. ૦૩.૦૬.૨૦૧૭ થી સોમવાર, તા. ૦૫.૦૬.૨૦૧૭ દરમ્યાન **ત્રયાન્હિકા ધ્વજારોહણ મહોત્સવે** ૧૮ અભિષેક પૂજન, શ્રી પાર્શ્વનાથ દાદા પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા અને આદિ તીર્થંકર શ્રી આદિનાથ દાદાની ધ્વજા ગગને લહેરાઇ.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

શુક્રવાર, તા. ૨૨.૦૬.૨૦૧૮ થી રવિવાર, તા. ૨૪.૦૬.૨૦૧૮ દરમ્યાન **ત્રયાન્હિકા ધ્વજારોહણ મહોત્સવે** ૧૮ અભિષેક પૂજન, શ્રી પાર્શ્વનાથ દાદા પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા અને આદિ તીર્થંકર શ્રી આદિનાથ દાદાની ધ્વજા ઉત્તુંગ શિખરે લહેરાઇ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

મંગળવાર, તા. ૧૧.૦૬.૨૦૧૯ થી ગુરૂવાર, તા. ૧૩.૦૬.૨૦૧૯ દરમ્યાન **ત્રયાન્હિકા ધ્વજારોહણ મહોત્સવે** ૧૮ અભિષેક પૂજન, શ્રી પાર્શ્વનાથ દાદા પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા, પાટલા પૂજન અને શ્રી આદિનાથ દાદાની ધ્વજાપતાકા શિખરે લહેરાઇ.

**શ્રી અનંતનાથજી જિનાલય-અનંતછાયા, ધ્વજારોહણ મહોત્સવ:**

**વર્ષ ૨૦૧૫-૧૬:**

અનંતછાયા, ઘાટકોપર (પૂર્વ) સ્થિત શ્રી અનંતનાથજી દાદાનું ગૃહ જિનાલયની દેવકુલિકાએ ધ્વજારોહણ વિધાન ગુરૂવાર, તા. ૩૦.૦૪.૨૦૧૫ના શુભ દિને **પ.પૂ.સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મ.સા.**ની શુભનિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજનના વિવિધ લાભાર્થી પરિવારોનો ઉત્સાહ સતત જણાતો હતો. આ પ્રસંગે **પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.**ની પ્રેરક ઉપસ્થિતિએ પ્રસંગ દીપી ઉઠ્યો. જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ અને ૧૮ અભિષેક પૂજન વિધાન સંપન્ન થયો.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

અનંતછાયા, ઘાટકોપર (પૂર્વ) સ્થિત **શ્રી અનંતનાથજી દાદાનું ગૃહ જિનાલય**ની દેવકુલિકાએ ધ્વજારોહણ વિધાન બુધવાર, તા. ૧૮.૦૫.૨૦૧૬ના શુભ દિને **પ.પૂ.યતિવર્ય શ્રી**

**મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજનના વિવિધ લાભાર્થી પરિવારોનો ઉત્સાહ સાથે જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ અને ૧૮ અભિષેક પૂજન વિધાન સંપન્ન થયો.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

નૂતન જિનાલયે શ્રી અનંતનાથ દાદાની ભવ્ય પ્રતિષ્ઠા બાદ પ્રથમ વર્ષગાંઠે અનંતછાયા, ઘાટકોપર (પૂર્વ) સ્થિત શ્રી અનંતનાથજી દાદાના શિખરબદ્ધ જિનાલયે ધ્વજારોહણ વિધાન ત્રયાન્હિકા મહોત્સવ મંગળવાર, તા. ૧૦.૦૪.૨૦૧૮ થી ગુરૂવાર, તા. ૧૨.૦૪.૨૦૧૮ દરમ્યાન ગુરૂભગવંતોની શુભનિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, ધ્વજારોહણ વિધાન જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

શ્રી અનંતનાથજી દાદાના શિખરબદ્ધ જિનાલયે દ્વિતિય ધ્વજારોહણ મહોત્સવે રવિવાર, તા. ૨૮.૦૪.૨૦૧૯ થી મંગળવાર, તા. ૩૦.૦૪.૨૦૧૯ ના શુભ દિને પ.પૂ.આ.ભ. **શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાની શુભનિશ્રામાં અને નવકારમંત્રારાધક વિધિકાર **શ્રી નરેન્દ્રભાઇ નંદુ** અને સાથી કલાકારોના સથવારે થયો. ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, ધ્વજારોહણ વિધાન જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

**શ્રી વિમલનાથ દાદા-કાંજુરમાર્ગ, ધ્વજારોહણ મહોત્સવ :**

**વર્ષ ૨૦૧૮-૧૯**

**શ્રી વિમલનાથ દાદાના ગૃહ જિનાલયે** ગાદિનસિન થયા બાદ પ્રથમ ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવ મંગળવાર, તા. ૨૪.૦૪.૨૦૧૮ થી ગુરૂવાર, તા. ૨૬.૦૪.૨૦૧૮ દરમ્યાન ગુરૂભગવંતોની શુભનિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, ધ્વજારોહણ વિધાન જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

**વર્ષ ૨૦૧૯-૨૦**

શ્રી વિમલનાથ દાદાના ગૃહ જિનાલયે **દ્વિતિય ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવે** રવિવાર, તા. ૧૨.૦૫.૨૦૧૯ થી મંગળવાર, તા. ૧૪.૦૫.૨૦૧૯ ના શુભ દિને ગુરૂભગવંતોની શુભનિશ્રામાં થયો. ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, ધ્વજારોહણ વિધાન જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાધર્મિક ભક્તિ સાથે ધ્વજારોહણ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો.

**શ્રી આદિનાથ જિનાલય, સાનપાડા-નવી મુંબઇ ધ્વજારોહણ :**

**વર્ષ ૨૦૧૮-૧૯:**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી આદિનાથ જિનાલય, સાનપાડાની પ્રથમ ધ્વજારોહણ મહોત્સવ** શનિવાર, તા. ૧૪.૦૭.૨૦૧૮ના શુભ દિને યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે સાધર્મિક ભક્તિ સહ ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

શ્રી આદિનાથ જિનાલય, સાનપાડાની દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ ગુરૂવાર, તા. ૦૪.૦૭.૨૦૧૯ના શુભ દિને યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે સાધર્મિક ભક્તિ સાથે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**શ્રી મહાવીરસ્વામિ જિનાલય, રાણપર ધ્વજારોહણ મહોત્સવ :**

શનિવાર, તા. ૦૧.૦૨.૨૦૨૦ના શુભ દિને દેવકુલિકાએ બિરાજમાન થનાર ભગવતિ **શ્રી પદ્માવતિ દેવી** અને **શ્રી મહાકાલી માતાજી**ની પ્રતિષ્ઠા પૂર્વેની પ્રાથમિક ક્રિયા અનુસંધાને દશ દિક્પાલ પૂજન નવગ્રહ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન પ્રસંગ યોજવામાં આવ્યો. સોમવાર, તા. ૦૩.૦૨.૨૦૨૦ તથા મંગળવાર, તા. ૦૪.૦૨.૨૦૨૦ દરમ્યાન **પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.**ની નિશ્રામાં અને વિધિકાર **શ્રી કેવલભાઇ સાવલા**ના નેજા હેઠળ, આમંત્રિત મહેમાનો, જ્ઞાતિજનો અને લાભાર્થી પરિવારના સથવારે ભવ્ય પ્રતિષ્ઠા અને ધ્વજારોહણ મહોત્સવ યોજાયો.

**શ્રી કુમઠા તથા વાલગીરી તીર્થ - ધ્વજારોહણ મહોત્સવ :**

**વર્ષ ૨૦૧૫-૧૬:**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત **શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી** બન્ને તીર્થોની એક જ તિથીએ બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ ગુરૂવાર, તા. ૧૦.૦૩.૨૦૧૬ થી શુક્રવાર, તા. ૧૧.૦૩.૨૦૧૬ દરમ્યાન **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ. ધ્વજારોહણ મહોત્સવે હુબલી, ગદગ, ગોવા, સીરસી વગેરે શ્રી સંઘો દર વર્ષે અચૂક હાજરી આપી પ્રસંગની શોભા વધારે છે.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી બન્ને તીર્થોની બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ સોમવાર, તા. ૨૭.૦૨.૨૦૧૭ થી મંગળવાર, તા. ૨૮.૦૨.૨૦૧૭ના શુભ દિને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી બન્ને તીર્થોની બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ શનિવાર, તા. ૧૭.૦૨.૨૦૧૮ રવિવાર, તા. ૧૮.૦૨. ૨૦૧૮ના શુભ દિને **પ. પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી બન્ને તીર્થોની એક જ તિથીએ બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ

ગુરૂવાર, તા. ૦૭.૦૩.૨૦૧૯ શુક્રવાર, તા. ૦૮.૦૩. ૨૦૧૯ના શુભ દિને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

શ્રી પાર્શ્વનાથ જિનાલય-કુમઠા, શ્રી શાંતિનાથ જિનાલય-વાલગીરી બન્ને તીર્થોની બે દિવસીય ધ્વજારોહણ મહોત્સવ મંગળવાર, તા. ૨૫.૦૨.૨૦૨૦ બુધવાર, તા. ૨૬.૦૨. ૨૦૨૦ના શુભ દિને **પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં યોજવામાં આવેલ. જેમાં ૧૮ અભિષેક પૂજન, સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ વિધાન સંગીતના સથવારે ખૂબજ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયેલ.

## પર્યુષણ મહાપર્વ :

**વર્ષ ૨૦૧૫-૧૬:**

શુક્રવાર, તા. ૧૧.૦૯.૨૦૧૫ થી શુક્રવાર, તા. ૧૯.૦૯.૨૦૧૫ **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો** દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ. આઠેય દિવસ પ્રથમ ત્રણ દિવસ શ્રાવક-શ્રાવિકાઓના પાંચ કર્તવ્યો, કલ્પસૂત્ર પોથીનું વાંચન, ૧૪ મહાસ્વપ્નોની ધૃત ઉછામણી, શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણકનું પારણું, બારસાસૂત્રનું વાંચન, તપસ્વીઓના પારણાં તેમજ જિનાલય દ્વાર ઉદ્‌ઘાટનના વિવિધ લાભો ચડાવા માધ્યમે લીધા અને પુણ્યની રાશી ભેગી કરી. પ્રાયશ્ચિત સ્વરૂપે નિયમિત રાઇ અને દેવસિ પ્રતિક્રમણનું આયોજન ઉપાશ્રયમાં થતું. પક્ષાલ પૂજાથી અષ્ટપ્રકારી પૂજા, ભક્તામર પાઠ, પર્યુષણ મહાપર્વ તેમજ રાત્રી ભક્તિ ભાવનામાં પણ સારી એવી સંખ્યા જોડાઇ ધર્મ આરાધનાઓ કરી. તપસ્વીઓ એકસણા, આયંબિલ તેમજ ઉપવાસ આદિ તપ કરી કર્મનિર્જરા કરવામાં પણ અગ્રેસર હતાં.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

મંગળવાર, તા. ૩૦.૦૮.૨૦૧૬ થી મંગળવાર, તા. ૦૬.૦૯.૨૦૧૬ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ.

**વર્ષ ૨૦૧૭-૧૮ :**

શનિવાર, તા. ૧૯.૦૮.૨૦૧૭ થી શનિવાર, તા. ૨૬.૦૮. ૨૦૧૭ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ.

**વર્ષ ૨૦૧૮-૧૯ :**

ગુરૂવાર, તા. ૦૬.૦૯.૨૦૧૮ થી ગુરૂવાર, તા. ૧૩.૦૯. ૨૦૧૮ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ.

**વર્ષ ૨૦૧૯-૨૦ :**

મંગળવાર, તા. ૨૭.૦૮.૨૦૧૯ થી મંગળવાર, તા. ૦૩.૦૯. ૨૦૧૯ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ચારેય જિનાલયો અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-ઘાટકોપર, શ્રી વિમલનાથ ભગવાન ગૃહ જિનાલય, કાંજુરમાર્ગ** ખાતે પર્યુષણ મહાપર્વ આરાધના થઇ.

## ચૈત્યપરિપાટી :

**વર્ષ ૨૦૧૫-૧૬ :**

પર્યુષણકલ્પમાં જેનું વિસ્તૃત માહિતી સાથે શ્રાવક-શ્રાવિકાઓનું પાંચમું કર્તવ્ય જિનાલયોને જૂહારવા. તીર્થ યાત્રા કરવી અને કરાવવી. લાભાર્થી પરિવારના સહયોગે સિદ્ધાચલ સમરૂ સદા, ૧૪ રાજલોકમાં શાશ્વત તીર્થ સિદ્ધગિરિ, જેના કાંકરે કાંકરે શ્રી સિદ્ધોની પાવન ચરણરજ સમાયેલી છે એવા પાવન પવિત્ર શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા સાથે **અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને સાંવત્સરિક વંદનાર્થે તા. ૨૫.૦૯.૨૦૧૫ થી તા. ૨૮.૦૯. ૨૦૧૫ ચાર દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૨૫૦થી અધિક જ્ઞાતિજનો** ઉત્સાહથી જોડાયા. સાથે પાલીતાણા અને આસપાસના તીર્થ ક્ષેત્રોએ તીર્થ અને ક્ષેત્રસ્પર્શના કરી જીવન ધન્ય બનાવ્યું.

**તપસ્વીઓ માટે :**

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા સંચાલિત મુંબઇના ત્રણેય સંઘ અનુક્રમે **શ્રી અનંતનાથજી જિનાલય-મસ્જીદ બંદર, શ્રી આદિનાથ જિનાલય-ભાંડુપ અને શ્રી અનંતનાથજી જિનાલય-અનંતછાયા (ઘાટકોપર)** ખાતે પર્યુષણ મહાપર્વ દરમ્યાન થયેલ શ્રી શત્રુંજય તપ કરનાર તપસ્વીઓને શ્રી શત્રુંજય મહાતીર્થ યાત્રાનું સુંદર આયોજન શુક્રવાર, તા. ૩૦.૧૦.૨૦૧૫ના દિને કરવામાં આવ્યું. જેમાં તીર્થયાત્રા સંપૂર્ણ લાભ તપસ્વીઓના પરિવારજનોએ જ લીધો હતો. અંદાજે **૧૦૦થી અધિક તપસ્વીઓ** તીર્થ યાત્રાનો સુંદર લાભ લીધો હતો. શત્રુંજય તપ સાથે શત્રુંજય મહાતીર્થ યાત્રાનું પૂણ્યફળ પણ ચાખ્યું હતું.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા સાથે **અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને સાંવત્સરિક વંદનાર્થે બુધવાર, તા. ૧૪.૦૯.૨૦૧૬ ના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૭૨થી અધિક જ્ઞાતિજનો** ઉત્સાહથી જોડાયા. સાથે

પાલીતાણા તીર્થ અને ક્ષેત્રસ્પર્શના કરી હતી.

**વર્ષ ૨૦૧૭-૧૮:**

લાભાર્થી પરિવારોના સહયોગથી દેવલાલી ચાતુમાસાર્થે બિરાજમાન જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને સાંવત્સરિક વંદનાર્થે મંગળવાર, તા. ૦૫.૦૯.૨૦૧૭ ના બસ દ્વારા યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૨૩૧થી અધિક જ્ઞાતિજનો** ઉત્સાહથી જોડાયા.

**વર્ષ ૨૦૧૮-૧૯:**

લાભાર્થી પરિવારોના સહયોગથી અબડાસા તાલુકાની નાની-મોટી બન્ને પંચતીર્થી તેમજ ચાતુમાસાર્થે બિરાજમાન જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર-સૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને સાંવત્સરિક વંદનાર્થે શુક્રવાર, તા. ૨૧.૦૯. ૨૦૧૮ થી સોમવાર, તા. ૨૪.૦૯.૨૦૧૮ ના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૧૦૮થી અધિક જ્ઞાતિજનો** ઉત્સાહથી જોડાયા.

**વર્ષ ૨૦૧૯-૨૦:**

લાભાર્થી પરિવારોના સહયોગથી કચ્છના પંચતીર્થો તેમજ ચાતુમાસાર્થે બિરાજમાન જિનશાસન શિરોમણી, અચલગચ્છા-ધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના જન્મદિવસને અનુલક્ષીને તેમજ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગર-સૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણાને સાંવત્સરિક વંદનાર્થે બુધવાર, તા. ૧૧.૦૯.૨૦૧૯ થી શનિવાર, તા. ૧૪.૦૯.૨૦૧૯ ના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૧૧૧થી અધિક જ્ઞાતિજનો** જોડાયા હતા.

## સમૂહ સાંજી અને તપસ્વીઓનું બહુમાન :

**વર્ષ ૨૦૧૫-૧૬:**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા લાભાર્થી પરિવાર અને પંચવર્ષીય દાતાશ્રીઓના સહયોગે સમગ્ર મુંબઇ અને મુંબઇની હદમાં રહેતા જ્ઞાતિજનોને પર્યુષણ મહાપર્વ દરમ્યાન અઠ્ઠાઇ કે તેથી વધુ ઉપવાસ કરનાર તપસ્વીઓ માટે સમૂહ સાંજી અને તપસ્વી બહુમાન રવિવાર, તા. ૦૪.૧૦.૨૦૧૫ના કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૩૦૦થી અધિક તપસ્વીઓ** તેમજ જ્ઞાતિજનોની બહોળી સંખ્યામાં જોડાયા હતા. સાધર્મિક ભક્તિનું સુંદર આયોજન કરવામાં આવેલ. તેનું સુંદર સંચાલન શ્રી જય નંદુ તથા મહાજનશ્રીના સમિતિના સભ્યોએ કર્યું હતું. તપસ્વી બહુમાન સાથે પંચવર્ષિય દાતાશ્રીમાં જોડાનાર દાતાશ્રીઓનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

પર્યુષણ મહાપર્વ દરમ્યાન અઠ્ઠાઇ કે તેથી વધુ ઉપવાસ કરનાર તપસ્વીઓ માટે સમૂહ સાંજી અને તપસ્વી બહુમાન રવિવાર, તા. ૧૧.૦૯.૨૦૧૬ના કરવામાં આવ્યું. જેમાં અંદાજે **૨૫૩થી અધિક તપસ્વીઓ** તેમજ જ્ઞાતિજનોની બહોળી સંખ્યામાં જોડાયા હતા. સાધર્મિક ભક્તિનું સુંદર આયોજન કરવામાં આવેલ. તેનું સુંદર સંચાલન મહાજનશ્રીના સમિતિના સભ્યોએ કર્યું હતું.

**વર્ષ ૨૦૧૭-૧૮ (વર્ષીતપના તપસ્વીઓના પારણાં) :**

વર્ષીતપની આરાધના જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ની ૫૦-૫૦માં સ્વર્ણિમ વર્ષીતપની અનુમોદનાર્થે તા. શનિવાર, તા. ૨૯.૦૪. ૨૦૧૭ના દિને ભાંડુપ ખાતે **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ**માં ઉજવવામાં આવી. વર્ષીતપના પારણાના અને અનુમોદનાના લાભાર્થી પરિવાર **માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર (સાંયરા)** હતા. શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના સારા એવા તપસ્વીઓ વર્ષીતપમાં જોડાઇ જ્ઞાતિની ગરિમા વધારી હતી.

## મનોરંજન (સામાજિક નાટક) :

**હલે ત ગડો નકાં ભર લડો (મુલુન્ડ ) :**

મનોરંજન ક્ષેત્રે જીવંત નાટકનું આયોજન મહાજનશ્રી દ્વારા નાટકના લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીના સહયોગે રાહતના દરે નાટક **હલે ત ગડો નકાં ભર લડો**નું આયોજન શુક્રવાર, તા. ૨૮.૦૮.૨૦૧૫ના મુલુન્ડ મધ્યે કાલિદાસ નાટ્યગૃહમાં **નિ:શુલ્ક** કરવામાં આવેલ. જ્ઞાતિજનોનો ઉત્સાહ સાથે પ્રતિષાદ મળ્યો. શૉ સંપૂર્ણ હાઉસફુલ રહ્યો હતો.

**હલે ત ગડો નકાં ભર લડો (ડોંબિવલી) :**

મુલુન્ડ ખાતે નાટકનો જોરદાર પ્રતિસાદ મળતાં **ડોંબિવલી** ખાતે જીવંત નાટકનું આયોજન મહાજનશ્રી દ્વારા નાટકના લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીના સહયોગે **નિ:શુલ્ક** નાટક **હલે ત ગડો નકાં ભર લડો**નું આયોજન **સાવિત્રીબાઇ ફુલે નાટ્યગૃહ**માં મંગળવાર, તા. ૦૬.૧૦.૨૦૧૫ના દિને સાંજે કરવામાં આવેલ. જ્ઞાતિજનોનો ઉત્સાહ સાથે જોરદાર પ્રતિસાદ મળ્યો. શૉ સંપૂર્ણપણે હાઉસફુલ રહ્યો હતો.

**સંબંધ સરનામે વગર જો (મુલુન્ડ - ડોંબિવલી ):**

મનોરંજન ક્ષેત્રે રાહતના દરે જીવંત નાટકનું આયોજન મહાજનશ્રી દ્વારા નાટકના સહયોગી લાભાર્થી પરિવારો અને પંચવર્ષિય દાતાશ્રીના સહયોગે **નિ:શુલ્ક** નાટક **સંબંધ સરનામે વગર જો**નું આયોજન મુલુન્ડ મધ્યે કાલિદાસ નાટ્યગૃહમાં સોમવાર, તા. ૧૬.૦૩.૨૦૨૦ અને ડોંબિવલી મધ્યે સાવિત્રીબાઇ ફુલે નાટ્યગૃહમાં ગુરૂવાર, તા. ૧૯.૦૩.૨૦૨૦ના નિયોજીત હતો. સંજોગોવસાત **કોરોના વાયરસ**ના કારણે મહારાષ્ટ્ર રાજ્ય સરકાર દ્વારા જાહેર આદેશાનુસાર કાર્યક્રમ રદ્દ કરવામાં આવેલ.

## પરિચય મિલન :

**વર્ષ ૨૦૧૫-૧૬:**

જ્ઞાતિની દીકરી જ્ઞાતિમાં જ જળવાઇ રહે તેમજ પસંદગીનું યોગ્ય પાત્ર મિલન માટે પરિચય મિલનનું સુંદર આયોજન રવિવાર, તા. ૨૫.૧૦.૨૦૧૫ના રોજ **ક્રિષ્ના રિસોર્ટ અને વોટરપાર્ક, વસઇ** ખાતે રાખવામાં આવેલ. જેમાં **૧૩૩ યુવકો અને ૮૫ યુવતિઓ** જોડાઇ પ્રસંગને સફળ બનાવ્યો. પરિચય મિલનની ફોટો બુકલેટ પણ આપવામાં આવી જેથી વિશેષ પરિચય અને પસંદગી માટે સુગમતા રહે. આવનાર દરેક યુવક-યુવતિના વડીલોને પણ સાથે પધારવાનું આમંત્રણ હતું. સાધર્મિક ભક્તિ, કુંડલી મેળાપક અને માર્ગદર્શન તેમજ આપસી પરિચયનું વ્યવસ્થિત આયોજન રહ્યું હતું. કુલ મળી ૪૫૦થી વધુ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. પ્રસંગની સફળતામાં લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીનો યોગદાન રહ્યું હતું.

**વર્ષ ૨૦૧૬-૧૭:**

પસંદગીનું યોગ્ય પાત્ર મિલન માટે પરિચય મિલનનું સુંદર

આયોજન રવિવાર, તા. ૧૦.૦૪.૨૦૧૬ના રોજ **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે રાખવામાં આવેલ. જેમાં **૧૨૫ યુવકો અને યુવતિઓ** જોડાઇ પ્રસંગને સફળ બનાવ્યો. સાધર્મિક ભક્તિ, કુંડલી મેળાપક અને માર્ગદર્શન તેમજ આપસી પરિચયનું વ્યવસ્થિત આયોજન રહ્યું હતું. કુલ મળી ૩૨૫થી વધુ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. પ્રસંગની સફળતામાં લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીનો યોગદાન રહ્યું હતું.

**વર્ષ ૨૦૧૭-૧૮ :**

પસંદગીનું યોગ્ય પાત્ર મિલન માટે પરિચય મિલનનું સુંદર આયોજન રવિવાર, તા. ૨૬.૦૨.૨૦૧૭ના રોજ **રૂદ્ર શેલ્ટર ઇન્ટરનેશનલ, સાતીવલી, વસઇ** ખાતે રાખવામાં આવેલ. જેમાં **૧૧૭ યુવકો અને યુવતિઓ** જોડાઇ પ્રસંગને સફળ બનાવ્યો. સાધર્મિક ભક્તિ, કુંડલી મેળાપક અને માર્ગદર્શન તેમજ આપસી પરિચયનું વ્યવસ્થિત આયોજન રહ્યું હતું. કુલ મળી ૩૪૦થી વધુ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. પ્રસંગની સફળતામાં લાભાર્થી પરિવાર અને પંચવર્ષિય દાતાશ્રીનો યોગદાન રહ્યું હતું.

**વર્ષ ૨૦૧૮-૨૦ :**

મસમોટા ખર્ચા અને સમયને બચાવવાના ઉદ્દેશ્ય સાથે **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**ની પરિચય મિલનની સમિતિના કન્વીનર **અ.સૌ. મનિષાબેન મિતેશ લાલકા** અને **અ.સૌ. જલ્પાબેન ઉત્તિન લોડાયા** અને સહવર્તી ટીમની બહેનોના નેતૃત્વ હેઠળ **પરિચય મિલન-વોટસઅપ** એપ ગ્રુપ બનાવી તેમાં યુવક-યુવતિઓ સાથે સતત સંપર્કમાં રહીને સારી એવી સફળતા પ્રાપ્ત થઇ. આ નિર્ણય બાબતે યુવક-યુવતિઓના પરિવારોનો સારો એવો પ્રતિસાદ મળ્યા હતો. આ નિર્ણયને જ્ઞાતિ ક્ષેત્રે બિરદાવવામાં આવ્યો હતો. પાંચ વર્ષમાં ૩ પરિચય મિલન તથા વોટસએપ ગ્રુપ મારફતે ૧૦૦થી અધિક સગપણ કરાવવામાં યશભાગી થઇ શકાયું.

**નારી તું નારાયણી :**

રવિવાર, તા. ૧૩.૦૩.૨૦૧૬ના દિને **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** દ્વારા અખિલ ભારતમાંથી **૪૨ વિરલ નારી પ્રતિભાઓ**ને નારી દિન નિમિત્તે નારીને સન્માનની નજરે જોવા અને સ્ત્રી સશક્તિકરણ અને સ્ત્રીને પીઠબળ આપવા માટે એક નવો અધ્યાય શરૂ કરવામાં આવેલ. જેમાં જ્ઞાતિની સારી એવી સંખ્યામાં જ્ઞાતિની બહેનો જોડાઇ હતી. પ્રસંગને મહદ્ અંશે સફળ બનાવવા માટે લાભાર્થી પરિવારો સાથે પંચવર્ષિય દાતાશ્રીઓનો સહયોગ રહ્યો હતો. વિશેષ **અ.સૌ. કલ્પનાબેન દીપક ધરમશી** અને સહવર્તી સમિતિની બહેનોના સહયોગથી પ્રેરણાદાયક રહ્યો હતો.

**પખાવાજ સ્પર્ધા :**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** દ્વારા રવિવાર, તા. ૧૩.૦૩.૨૦૧૬ના દિને **શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે પખાવાજ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્ઞાતિની સંગીત પ્રત્યેની લાગણી અને એમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફની આંધળી દોડને અનુસંધાનમાં લઇને જ્ઞાતિની વિશિષ્ટ પ્રતિભા ધરાવતા લોકોની પ્રાચિન કલાને જ્ઞાતિજનો સમક્ષ પ્રસ્તુત કરવાની સુંદર ભાવના સાથે સફળ આયોજન થયું હતું. સારૂ એવું ટીમવર્ક સાથે જ્ઞાતિજનો-શ્રોતાજનો પણ જોડાયા હતા. તાળીઓનો ગડગડાટ કર્ણપ્રિય બની પખાવાજ વાદકો અને ગાયકોનો ઉત્સાહ વધારતા હતાં.

**જૈન ફન ફેર ધાર્મિક આનંદ મેળો (પ્રથમ) :**

**પ. પૂ. સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા - ૫ની શુભ નિશ્રામાં, **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** અને **શ્રી મહાવીર યુવા ગ્રુપ, પાર્લા**ના સંયુક્ત સંગાથથી ધાર્મિક આનંદ મેળાનું પ્રથમ વાર આપણી જ્ઞાતિમાં રવિવાર, તા. ૨૫.૦૯. ૨૦૧૬ના દિને આયોજન થયેલ. આ મેળો **ખાસ બાળકો માટે યોજવામાં** આવેલ. જ્ઞાન સાથે ગમ્મત અને સરળતા સાથે જ્ઞાન યાદ રહી જાય તેવી શૈલીમાં ગોઠવવામાં આવેલ. વર્તમાન યુગમાં જ્યારે બાળકો સોશ્યલ મિડિયામાં જોડાતા હોય તેવા સમયે ધાર્મિક સંસ્કૃતિમાં જોડાઇ ધર્મમય વાતાવરણ બનાવવું એક અનેરૂ કાર્ય ગણાય. સારી સંખ્યામાં જ્ઞાતિજનો વડીલો સાથે જોડાયા હતા.

**જૈન ફન ફેર ધાર્મિક આનંદ મેળો (દ્વિતિય) :**

પ્રથમ ધાર્મિક આનંદ મેળાની સફળતા બાદ **યંગસ્ટર્સ અને વડીલો** માટે **પ. પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા - ૫** ની શુભ નિશ્રામાં, **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ** અને **શ્રી મહાવીર યુવા ગ્રુપ, પાર્લા**ના સંયુક્ત સંગાથથી ધાર્મિક આનંદ મેળાનું રવિવાર, તા. ૨૦.૧૧.૨૦૧૬ના દિને આયોજન થયેલ. જ્ઞાન સાથે ગમ્મત અને સરળતાથી જ્ઞાન યાદ રહી જાય તેવી શૈલીમાં ગોઠવવામાં આવેલ. સારી સંખ્યામાં યંગસ્ટર્સ અને વડીલો સાથે જોડાયા હતા.

**રમત-ગમત :**

**ખેલ કેડીઓ ખેલ અંતર્ગત 'અંનત કે.ડી.ઓ. ટૂર્નામેન્ટ', ક.દ.ઓ. જ્ઞાતિની અખિલ ભારત ક્રિકેટ ટૂર્નામેન્ટ :**

શનિવાર, તા. ૨૭.૦૫.૨૦૧૭ થી રવિવાર, તા. ૨૮.૦૫. ૨૦૧૭ના **બે દિવસીય ક્રિકેટ ટૂર્નામેન્ટ** ડોંબિવલી ખાતે **ક.ડોં.મ.પા.ના વિશાળ ગ્રાઉન્ડમાં** લાઇવ ટેલિકાસ્ટ સાથે અખિલ ભારતમાંથી જ્ઞાતિની **કુલ ૧૨ ટીમો**એ ભાગ લીધેલ. **૬ ઓવર્સ**ની **કુલ ૧૯ મેચો** વિશાળ પાયે જ્ઞાતિ લેવલે રમાઇ હતી. જ્ઞાતિની એકતા અને ભાઇચારો આંખોએ વળગતો હતો. સુંદર મજાની કેટરીંગની વ્યવસ્થા, ઠંડા પીણા, ચા-કોફી અને બહારગામથી પધારેલ જ્ઞાતિજનો માટે ઉતારાની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવેલ. વિશાળ સમુદાયમાં દાતાશ્રીઓના ઉદાર સહયોગ સાથે જ્ઞાતિજનો જોડાઇ પ્રસંગમાં ઉત્સાહ વધાર્યો હતો. **મુખ્ય લાભાર્થી તરીકે મે. ભૂમિરાજ ગ્રુપના ચેરમેન શ્રી ભૂપેન્દ્ર મુરજી મોતા (લાખણીયા)** રહ્યા હતા. ક્રિકેટ રમત, ક.દ.ઓ. જ્ઞાતિ માટે યુવાઓમાં સદાય યાદગાર પલ રહી હતી.

**ચૂંટણી કાર્યકાલ વર્ષ ૨૦૨૦-૨૫ :**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો અને શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ**ની કાર્યકાલ **વર્ષ ૨૦૨૦-૨૫** માટે અનુક્રમે **વ્યવસ્થાપક સમિતિ, ટ્રસ્ટીઓ અને પ્રતિનિધિ ટ્રસ્ટી** માટેની **ચૂંટણી** રવિવાર, તા. ૨૨.૧૨. ૨૦૧૯ના દિવસે મુંબઇમાં નિર્ધારિત સ્થળોએ યોજાઇ. **મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી ચીમન મેઘજી મોતા (વારાપધર)**ના નેતૃત્વમાં વ્યવસ્થિત ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થયેલ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા સંચાલિત
## શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - મુંબઇ

**વિવિધ કાર્યક્રમો :**

શ્રી મુંબઇ મહાજન સંચાલિત શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદ જ્ઞાતિજનોને માંદગીમાં આર્થિક સહાય ઉપરાંત ૨૫૦થી અધિક જ્ઞાતિજનોને રાહત દરે મેડિક્લેઇમ પોલિસીઓ તથા ૫૦૦થી અધિક જ્ઞાતિજનો પૂર્ણ પ્રિમિયમ ભરી સેવાનો લાભ લઇ રહ્યા છે. તદઉપરાંત નીચે દર્શાવેલ વિવિધ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ:

**બોડી ચેકઅપ :**

જ્ઞાતિજનો નિરોગી અને સ્વસ્થ રહે તે માટે પ્રથમ આયોજન સ્વરૂપે બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જ્ઞાતિજનોને મોંઘવારી સમયમાં આર્થિક રાહત મળે તે બહુજ જરૂરી છે. તેને ધ્યાનમાં લઇ લાભાર્થી પરિવારના સહયોગે રવિવાર, તા. ૦૨.૦૮.૨૦૧૫ સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું. જ્ઞાતિજનો પણ સારી સંખ્યામાં જોડાયા હતાં.

**સ્થૂળતા અંગે માર્ગદર્શન:**

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ** દ્વારા આયોજિત અને **જ્યુપિટર હાસ્પિટલ**ના સથવારે **નાના બાળકોની સ્થૂળતા અંગે માર્ગદર્શન કાર્યક્રમ** રવિવાર, તા. ૨૧.૦૨.૨૦૧૬ના રોજ કરવામાં આવેલ. બાળકોમાં રહેલી સ્થૂળતા એ વડીલો માટે ચિંતાજનક વિષય છે. દરેક વડીલો બાળકોને સ્ફૂર્તિમાં જોવા ઇચ્છતા હોય છે. પોતાનો દીકરો-દીકરી આગલી હરોળમાં જોવા ઇચ્છવા સ્વાભાવિક હોય છે. ખર્ચાળ અને લાંબી માવજત માંગતા મેડિકલ સારવાર પરવડવી મધ્યમ વર્ગીય પરિવારોને પણ મુશ્કેલ હોય છે. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - મુંબઇ દ્વારા આયોજિત માગદર્શન કાર્યક્રમ મહદ્-અંશે સફળ રહ્યો હતો.

**સ્તન કેન્સર બાબતે જાગરૂકતા :**

**ભાંડુપ :**

**શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ)** ખાતે રવિવાર, તા. ૨૭.૦૩.૨૦૧૬ના રોજ મહિલાઓને સતત પીડીત **સ્તન કેન્સર બાબતે જાગરૂકતા** માટે નિઃશુલ્ક વિશેષ શિબિર ગોઠવવામાં આવી હતી. મુંબઇના **સુવિખ્યાત કેન્સર નિષ્ણાંત ડૉ. બોમન ધાબર અને એન. કે. કેન્સર ફાઉન્ડેશન** દ્વારા સ્તન કેન્સર માટે જાગૃતિ અભિયાન તથા વાર્તાલાપનું આયોજન સહ વિશેષજ્ઞ તબીબો દ્વારા તપાસણી અને નિદાન થયેલ. જેમાં જ્ઞાતિજનોની બહેનો સાથે સાધ્વીજી ભગવંતો પણ જોડાયા હતા. ડર એક માનસિક ચિંતામાં વધારો કરે છે. સ્ત્રીની સુંદરતામાં બાધારૂપ સ્તન કેન્સર સ્ત્રીઓ માટે માનસિક અને શારીરિક પીડા દાયક હોય છે. શિબિરે માનસિક ડર સાથે નિર્ભય રહી પીડાને સહજ બનાવ્યો.

**ડોંબિવલી :**

શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ (ભાંડુપ) ખાતે સફળતા બાદ ડોંબિવલીની સંખ્યાને ધ્યાનમાં રાખી રવિવાર, તા. ૧૨.૦૬.૨૦૧૬ના રોજ મહિલાઓને સતત પીડીત સ્તન કેન્સર બાબતે જાગરૂકતા માટે નિઃશુલ્ક વિશેષ શિબિર **સંસ્કાર ગુરૂકુલ, આશા નિવાસ, સુભાષ રોડ, વિષ્ણુનગર, ડોંબિવલી** ખાતે ગોઠવવામાં આવી હતી. મુંબઇના સુવિખ્યાત કેન્સર નિષ્ણાંત ડૉ. **બોમન ધાબર અને એન. કે. કેન્સર ફાઉન્ડેશન** દ્વારા સ્તન કેન્સર માટે જાગૃતિ અભિયાન તથા વાર્તાલપનું આયોજન સહ વિશેષજ્ઞ તબીબો દ્વારા તપાસણી અને નિદાન થયેલ. જેમાં જ્ઞાતિજનોની બહેનો જોડાયા હતા.

**મેડીક્લેમ પોલીસી અંગે જાગૃત્તિ:**

દૈનિક જીવન જરૂરીયાતોમાં હવે મેડીક્લેમ પોલિસી અનિવાર્ય થઇ ગઇ છે. રહેણીકરણી, ખાધા ખોરાકીનું વ્યવહાર જોતા કેમિકલ યુક્ત ખોરાકે શરીરમાં નીતનવા રોગોના જન્મ થાય છે. મોંઘવારી સમયમાં જ્યારે ઘરના ચાર છેડા માંડમાંડ ભેગા થાય ત્યાં એક નવી બિમારી ગૃહપ્રવેશ કરે છે. અચાનક આવેલી મોટી બિમારી અને સર્જરીના લાંબા બિલો ઘરની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ કરી નાખે, તેની આગમચેતી સ્વરૂપે જ્ઞાતિહિતને ધ્યાનમાં લઇને મેડીક્લેમ પોલિસી સંજીવનીનું કામ કરે છે. પોલિસી સંદર્ભે અનેક સવાલો અને ચર્ચા સત્ર વર્ષ ૨૦૧૭માં ભાંડુપ ખાતે ગોઠવવામાં આવેલ.

**મુલુન્ડ ખાતે જ્ઞાતિનું પ્રથમ 'અનંત પેથોલોજી લેબ'નું શુભારંભ :**

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિને ખૂબ જ લાંબા સમયથી જ્ઞાતિની જ સ્વયં સંચાલિત **પેથોલોજી લેબ** રાહત દરે હોય. જ્ઞાતિની પ્રાથમિક જરૂરીયાતને ધ્યાનમાં લઇ તાત્કાલિક ધોરણે મુંબઇ અને પરાં વિસ્તારના લોકોને આવવા-જવાની સગવડતાને ધ્યાનમાં લઇ ને મુંબઇના મધ્ય વિસ્તાર એટલે મુલુન્ડમાં પેથોલોજીનું શુભારંભ થાય તેવી ભાવના હતી. આજે આર્થિક પરિસ્થિતિ નબળી હોય કે મધ્યમ આવક ધરાવતા જ્ઞાતિજના, દરેક માટે રાહત દરના ઉદ્દેશ્ય સાથે **અનંત પેથોલોજી લેબ**નો શુભારંભ અને લોકાર્પણ તા. રવિવાર, તા. ૧૬.૦૭.૨૦૧૭ના શુભ દિને કરવામાં આવ્યો, સાથે **સ્કીનકેર અને હેરકેર સેમિનાર** કેમ્પ-૨૦૧૭ દેવપૂંજ, વાલજી લધા રોડ, મુલુન્ડ સ્થળે ગોઠવવામાં આવ્યો જે ખૂબ જ સફળ રહ્યો.

**જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથી નિમિત્તે જનરલ કેમ્પ :**

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા **જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથીને** વધુ યાદગાર બનાવવા માટે **જનરલ કેમ્પ** તા. ૧૧.૧૨.૨૦૧૭ (**૧ દિવસ**); તા. ૧૪.૧૨.૨૦૧૭; તા. ૨૦.૧૨.૨૦૧૭ (**૭ દિવસ**); તા. ૨૩. ૧૨.૨૦૧૭ થી તા. ૨૭.૧૨. ૨૦૧૭ (**૫ દિવસ**)ના કુલ મળી ૧૩ દિવસનો જનરલ કેમ્પ **અનંત પેથોલોજી લેબ, મુલુન્ડ** ખાતે ગોઠવવામાં આવ્યો. જ્ઞાતિજનોનો સારો એવો પ્રતિસાદ મળ્યો.

**પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ત્રણ દિવસીય હેલ્થકેર ઓફર અને બ્લડ ડોનેશન કેમ્પ :**

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ** દ્વારા **અનંત પેથોલોજી લેબ**ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ત્રણ દિવસીય હેલ્થકેર ઓફર અને એક દિવસીય બ્લડ ડોનેશન કેમ્પ રવિવાર, તા. ૧૫.૦૭.૨૦૧૮ થી મંગળવાર, તા. ૧૭.૦૭.૨૦૧૮ના **માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા (મોટી ખાવડી)** સહાયક દાતાશ્રીના સહયોગે યોજવામાં આવ્યો. જે મહદ્અંશે સફળ રહી હતી. જ્ઞાતિજનોનો સારો એવો પ્રતિસાદ મળેલ.

**અનંત પેથોલોજી લેબ - ૧૫૦૦૦ થી અધિક દર્દીઓની સેવા:**

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ** દ્વારા **અનંત પેથોલોજી લેબ** માર્ચ-૨૦૨૦ દરમ્યાન ૧૫૦૦૦થી અધિક પેશન્ટો (દર્દીઓ)ના લેબ રીપોર્ટ રાહતદરે આપી સ્વનિર્ભર સંસ્થા બની ચૂકી છે. જે ક.દ.ઓ. જ્ઞાતિ માટે ગૌરવવંતી યશોગાથા બની ચૂકી છે.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા સંચાલિત
# માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ

મહિલાઓને સ્વાભિમાન સાથે પોતાના પગ પર ઊભા રહી સ્વતંત્રપણે આવક મેળવવા તેમજ ઘરની પર્યાપ્ત આવક ન હોય તેવા પરિવારમાં ખભેથી ખભા મિલાવી ઘરમાં સહકાર ભર્યું વાતાવરણ બની રહે તે ઉદ્દેશ્ય સાથે નિર્મિત **માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ** જેમાં વિશેષતઃ જ્ઞાતિની જ મહિલાઓને રોજગાર પ્રાપ્ત થાય છે. સ્વાદિષ્ટ અને પોષ્ટિક આહાર વાળા મિષ્ટાન્ન અને ફરસાણનું ઉત્પાદન કરી તેમજ રાહતદરે વેંચાણ કેન્દ્ર જ્ઞાતિની જ મહિલાઓ ચલાવે છે. ટ્રસ્ટના માર્ગદર્શન અને સંચાલન દ્વારા વ્યવસ્થિત, લાંબા સમયથી ચાલતી પ્રવૃત્તિ ધરાવતી સંસ્થા છે.

## મહિલાઓ માટે તાલીમ વર્ગ :

**વાર્ષિક સમર વેકેશન કેમ્પ** કાર્યકાલ **વર્ષ ૨૦૧૫-૨૦૨૦** દરમ્યાન વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ના એપ્રિલ/મે મહિનામાં દર વર્ષે માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિની બહેનો માટે તાલીમ વર્ગો શેઠશ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુન્ડ ખાતે રાખવામાં આવેલ. જેમાં ગ્લિસરીન શોપ, વેક્સ કેન્ડલ એન્ડ હાઇલાઇટ, હેલ્ધી ડ્રિંક્સ, ચાટ આઇટમ જેવા અનેક વિષયો જ્ઞાતિની બહેનોને શીખવાડવામાં આવેલ. વર્ષ ૨૦૧૮ના વેકેશન દરમ્યાન ડોંબિવલીમાં બાળાઓ માટે ખાસ મહેંદી કોર્સની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવેલ.

## મહિલા ગૃહઉદ્યોગની સેવિકા (બહેનો) માટે વિશેષ કાર્યક્રમ :

વર્ષ ૨૦૧૫-૨૦૨૦ દરમ્યાન કુલ ૮ યાત્રા પ્રવાસ કરવામાં આવ્યા. (૧) પર્યુષણ બાદ સપ્ટેમ્બર ૨૦૧૫માં પાલીતાણા શત્રુંજય યાત્રા ટ્રેન દ્વારા; (૨) ફેબ્રુઆરી ૨૦૧૭માં બસ દ્વારા પાબલ, તળેગાંવ, લોનાવાલા બસ દ્વારા; (૩) સપ્ટેમ્બર-૨૦૧૭માં મુંબઇ મહાજનશ્રી સાથે દેવલાલી અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને સંવત્સરિક વંદનાર્થે ગયેલ, નવકારશીનો લાભ ગૃહઉદ્યોગને મળેલ.; (૪) ફેબ્રુઆરી-૨૦૧૮માં કુમઠા, વાલગિરી, મુરૂડેશ્વર ટ્રેન-બસ દ્વારા; (૫) સપ્ટેમ્બર-૨૦૧૮ કચ્છ નાની-મોટી પંચતીર્થી ટ્રેન-બસ દ્વારા; (૬) ફેબ્રુઆરી-૨૦૧૯માં કચ્છ ગાંધીધામથી બસ દ્વારા ૨૭ તીર્થની યાત્રા. ગાંધીધામથી ભુજ પરત આવવા સુધી મુસાફરીના લાભાર્થી તેમજ સુજાપુરમાં કુટુંબ દીઠ ૧૦ ગ્રામ ચાંદીનો સિક્કો **શ્રી લેરિન વર્ધમાન ખોના** દ્વારા ભેટ અપાયેલ. રાપરમાં મુંબઇ મહાજન પ્રમુખશ્રી દ્વારા ચાંદીના સિક્કા દ્વારા સંઘપૂજન કરવામાં આવેલ; (૭) નવેમ્બર-૨૦૧૯માં દસ દિવસની તન-મન ટૂરના સથવારે સમ્મેત શિખરજી યાત્રા પ્રવાસ; (૮) માર્ચ-૨૦૨૦માં બસ દ્વારા ૨ દિવસની કુંભોજગીરી, કોલ્હાપુર યાત્રા કરાવવામાં આવેલ. દરેક યાત્રા પ્રવાસનું સુંદર સંચાલન, રહેવાની સુંદર વ્યવસ્થા ગૃહઉદ્યોગના માનદ્‌મંત્રી **શ્રી અજિત લોડાયાએ** કરેલ.

## વિશેષ :

(૧) જુન-૨૦૧૬માં કાર્યકારી બહેનોના પરિવારજનો, ગૃહઉદ્યોગના સમિતિના સભ્યો, અધિકારીઓ સાથે ટીપ ટોપ હોલમાં વિવિધ રમતો, ભોજન સાથે મેળાવડો; (૨) જુન-૨૦૧૮માં કાલિદાસ, મુલુન્ડ મીની હોલમાં બહેનોના કુટુંબીજનો સાથે મેળાવડો; (૩) મે-૨૦૧૯માં કાલિદાસ, મુલુન્ડ મીની હોલમાં કાર્યકારી બહેનો તથા પરિવારજનો સાથે જ્ઞાન સાથે ગમ્મત મેળાવડો, ટ્રાવેલીંગ બેગ ભેટ આપવામાં આવેલ. છેલ્લા બે વર્ષથી મેડીકલ પોલિસી, અકસ્માત પોલિસી તેમજ દરેક કર્મચારી બહેનો-ભાઇઓને નિયત લાભો ઉપરાંત રૂપિયા એક લાખ (રોકડ તથા ફીક્સ્ડ ડીપોઝીટ રસીદ રૂપે) આપી પ્રોત્સાહિત કરાવવામાં આવેલ છે.

## અમે આભારી છીએ...

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**ની વ્યવસ્થાપક સમિતિ, **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**ના ટ્રસ્ટીઓ **કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦** માટે ક.દ.ઓ. જ્ઞાતિજનોની સેવા માટેનો સુંદર લાભ અને સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું તે માટે સર્વે જ્ઞાતિજનોનો... **પ્રતિષ્ઠા મહોત્સવ, ચાતુર્માસ પ્રવેશ, પર્યુષણ મહાપર્વ, ચૈત્ય પરિપાટી, તપસ્વીઓની સાંજી અને પારણા, નૂતન જિનાલય નિર્માણ, પ્રતિષ્ઠા મહોત્સવ, ધ્વજારોહણ મહોત્સવ, દીક્ષા મહોત્સવ, સમૂહ લગ્નોત્સવ, પરિચય મિલન, મનોરંજન-નાટક, ખેલ ઉત્સવ, જ્ઞાન શિબિર, મહિલા વિકાસ અને પ્રોત્સાહનના કાર્યો, મેડીકલ ક્ષેત્રે વિવિધ સારવાર કેમ્પો, નૂતન અનંત પેથોલોજીનું શુભારંભ** વગેરે જ્ઞાતિહિત લક્ષી સર્વે યોજનાઓમાં **પંચવર્ષિય દાતાશ્રીઓનો** અને **વિવિધ કાર્યક્રમના મુખ્ય અને સહયોગી લાભાર્થી પરિવારોનો...** સર્વે આયોજનોમાં ઉદારદિલે તન-મન-ધનથી સહયોગ આપનાર સર્વે ટ્રસ્ટી ગણોનો, મહાજનની વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યોનો... સર્વે યોજના (કાર્યક્રમ)ના કન્વીનર સાથે તે-તે સમિતિના સભ્યોનો... ધાર્મિક કાર્યક્રમો સંદર્ભે **મસ્જીદબંદર, ઘાટકોપર, કાંજુરમાર્ગ, ભાંડુપ શ્રી સંઘોના સંચાલકો અને સ્વંયસેવકોનો, શ્રી ક.દ.ઓ.મંડળ-ડોંબિવલી, પ્રચાર અને પ્રસાર માધ્યમો પ્રકાશ સમિક્ષા, કે.ડી.ઓ. વી.પી. સમિતિ, જ્ઞાતિમૈયા, જ્ઞાતિદીપ** વગેરે માધ્યોમોનો... કાર્યકાલ ૨૦૨૦-૨૦૨૫ની નિષ્પક્ષ ચૂંટણી યોજી નવી વ્યવસ્થાપક સમિતિ જ્ઞાતિને સુપ્રત કરવા માટે **ચૂંટણી અધિકારીઓ અને સ્વયંસેવકોનો...** મહાજનની વ્યવસ્થા માટે મુંબઇ મહાજન અને ટ્રસ્ટની ઓફિસના સર્વે કાર્યકારિણી સભ્યોનો અને સેવકોનો... જ્ઞાતિહિતના કાર્યો માટે જ્ઞાતિ સમક્ષ સેવા આપનારા **પ્રચારકો, પ્રસારકો, પ્રિન્ટર્સ, કેટરીંગ વ્યવસ્થા, ફોટોગ્રાફર્સ, વીડીયોગ્રાફર્સ, ટ્રાન્સપોટર્સ, વસ્તીપત્રક સમિતિનો...** વિશેષ આભાર : જ્ઞાતિજનોનો અમને સતત પાંચ વર્ષ આપની સેવા માટે ઉમદા તક આપી અમારા ઉપર વિશ્વાસ વ્યક્ત કરવા માટે... આવો જ સાથ અને સહકાર નવી વ્યવસ્થાપક સમિતિ કાર્યકાલ વર્ષ ૨૦૨૦-૨૦૨૫ માટે પણ જરૂરથી આપશોજી. નવી વ્યવસ્થાપક સમિતિને પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છીએ કે આપ પણ આપની કુશળતાપૂર્વક જ્ઞાતિહિતના કાર્યો કરી જ્ઞાતિની ઉન્નતિમાં આગળ જરૂરથી વધશો.

અહેવાલ આલેખન કરતાં અનાયાસે કોઇનું મન દુભાયું હોય, જિનાજ્ઞા વિરાધના ટિપ્પણી થઇ ગઇ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્‌ !!!

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**
**શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપરગઢવારી)** અને
**વ્યવસ્થાપક સમિતિ વર્ષ ૨૦૧૫-૨૦૨૦ના સર્વે સભ્યો** તથા
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
ના સર્વે ટ્રસ્ટીઓના
**પ્રણામ ! જય જિનેન્દ્ર ! જય જય શ્રી અનંતનાથ !!!**

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

## મુંબઇ મહાજન સમિતિ અને ટ્રસ્ટ કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦૨૦

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

### પદાધિકારીઓ


શ્રી કલ્પેશભાઇ મોતા
(રાપર)
પ્રમુખ


શ્રી લેરીનભાઇ ખોના
(સુજાપર)
ઉપપ્રમુખ


શ્રી રમેશ લોડાયા
(મંજલ-સુથરી)
માનદ્‌મંત્રી


શ્રી ચેતનકુમાર મોમાયા
(જખૌ)
માનદ્‌મંત્રી


શ્રી અતુલભાઇ ઘરમશી
(સુથરી)
ખજાનચી

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

### ટ્રસ્ટીગણ


શ્રી લેરીનભાઇ ખોના
(સુજાપર)


શ્રી માલતીબેન ઘરમશી
(જખૌ)


શ્રી ચીમનલાલ ખોના
(નલીયા)


શ્રી ચેતનકુમાર મોમાયા
(જખૌ)


શ્રી કમલેશભાઇ સોની
(જખૌ)


શ્રી હેમરાજભાઇ ગોસર
(બાયઠ)


શ્રી જયંતભાઇ સોની
(સુથરી)


શ્રી કલ્પેશભાઇ મોતા
(રાપર)


શ્રી બીપીનભાઇ નાગડા
(રંગપુર)


શ્રી તરૂણભાઇ ઘરમશી
(સુથરી)


શ્રી જીવરાજભાઇ લોડાયા
(ખાવડી મોટી)

લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપરગઢવારી) અને વ્યવસ્થાપક સમિતિ વર્ષ ૨૦૧૫-૨૦૨૦ના સર્વે સભ્યો તથા
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો ના સર્વે ટ્રસ્ટીઓના

**પ્રણામ! જય જિનેન્દ્ર! જય જય શ્રી અનંતનાથ!!!**

# મળવા જેવા માણસ

## શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા (નલિયા-મુલુંડ)



તાજેતરમાં મેં માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટની એક જાહેરાત વાંચી જેમાં વિગતમાં લખ્યું હતું કે, 'મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટને ધંધાકીય વિકાસ માટે એમ.બી.એ. મહિલા એક્ઝ્યુટેટીવની જરૂરત છે.' આ વાંચીને મને આનંદ થયો કે આપણા આગેવાનોના વિચારો પણ આધુનિક બની રહ્યા છે. એટલે મને આ ટ્રસ્ટના પ્રમુખશ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા (નલિયા-મુલુંડ) સાથે સંવાદ સાધવાનો વિચાર આવ્યો.

શ્રી વિરેન્દ્રભાઈ આપણી જ્ઞાતિનું જાણીતું નામ છે. તેઓએ શ્રી કેડીઓ ડોંબિવલી મંડળના પ્રમુખપદે બે મુદત માટે સેવાઓ આપી છે. વર્તમાનમાં તેઓ મુંબઈ મહાજનના ઉપપ્રમુખ, શેઠ શ્રી નરશી નાથા ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી, શાંતિજિનના કમિટી મેમ્બર તથા નલિયાવાસી મિત્ર મંડળના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ગુવાર ગમ, ખાદ્ય પદાર્થો તથા લેબોરેટરી કેમિકલ્સના આયાત તથા વેપારમાં પ્રવૃત્ત છે.

**પ્ર.સ.** : મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ વિશે માહિતી આપવા વિનંતી.

**વી.એલ.** : આ ટ્રસ્ટની સ્થાપના ઈ.સ.૧૯૮૪માં જ્ઞાતિની જરૂરતમંદ મહિલાઓને આર્થિક ટેકો આપવા માટે કરવામાં આવી હતી. ટ્રસ્ટ મુંબઈ મહાજન અંતર્ગત કાર્ય કરે છે અને મુંબઈ મહાજનના ઉપપ્રમુખ પદના કારણે હું આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યો છું.

હાલ આ ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટમાં ૨૩ (ત્રેવીસ) જેટલી મહિલાઓ કાર્યરત છે અને તેઓ અથાણાં, મિઠાઈ, ખાખરા અને અન્ય ખાદ્ય પદાર્થો બનાવવામાં તથા વિતરણમાં કાર્યરત છે. શ્રી અનંતસિધ્ધિ-ભાંડુપ તથા અનંતભુવન-મસ્જિદબંદર ખાતે ટ્રસ્ટ દ્વારા ઉપરોક્ત ખાદ્યપદાર્થોનું વેચાણ થાય છે. ટ્રસ્ટ પાસે શાસ્ત્રીનગર-ભાંડુપ તથા ન્યુ અનંતભુવન-મસ્જિદબંદર ખાતે ઉત્પાદન માટે જગ્યા ઉપલબ્ધ છે.

**પ્ર.સ.** : ટ્રસ્ટ દ્વારા કેટલી કિંમતના ખાદ્યપદાર્થોનું વેચાણ વર્ષ દરમ્યાન થાય છે?

**વી.એલ.** : એકથી સવા કરોડ રૂપિયાનું ટર્નઓવર થાય છે.

**પ્ર.સ.** : આવા ગૃહઉદ્યોગના લઘુ એકમ માટે ટ્રસ્ટને એમ.બી.એ. પદવીધારીની શું જરૂર છે? સાધારણ રીતે આવી સંસ્થાઓ નિવૃત્ત વ્યક્તિઓને કામ ઉપર રાખે છે જે ઓછા પગારે મળી જાય અને આ કંઈ ઉદ્યોગ નથી, ફક્ત ગૃહઉદ્યોગ જ છે.

**વી.એલ.** : સમય બદલાઈ ગયો છે અને આપણે સમય સાથે તાલમેલ બેસાડવા આપણી પધ્ધતિઓ બદલવી પણ જરૂરી છે. મારે આ સંસ્થાના રૂા.એક કરોડના ટર્નઓવરને આવનારા પાચં વર્ષમાં વધારીને ઓછામાં ઓછું રૂા. પાંચ કરોડ જેટલું કરવું છે. જેથી આપણી જ્ઞાતિની જરૂરતમંદ કર્મશીલ મહિલાઓને સારી કમાણીની તકો મળી શકે. આવનારા ટુંક સમયમાં જ્ઞાતિની ૫૦ થી વધુ મહિલાઓને રોજગારી મળી રહે એવું આયોજન કરવું છે.

આ ઉદ્દેશને આગળ વધારવા, સ્વપ્ન પુર્ણ કરવા માટે ઉત્પાદનોની ગુણવત્તા, વેચાણ, માર્કેટીંગને વ્યવસાયિક રીતે હાથ ધરવા યોગ્ય તથા નિષ્ણાંત મહિલાની જરૂર છે. અત્યારના સમયમાં ડીજીટલ માર્કેટીંગ ખૂબજ જરૂરી છે એટલે એમ.બી.એ. ડીગ્રીધારી મહિલા આ બધી બાબતોને વ્યવસ્થિત રીતે હાથ ધરી શકે. અને નિયમન કરી શકે. ઓનલાઈન વેચાણ, બ્રાંડીંગ, ગુણવત્તા આ બધી બાબતો વેપારમાં ખૂબજ મહત્વપૂર્ણ બની છે. આ ઉત્પાદનોના વધુ વેચાણ કેન્દ્રો ઘાટકોપર, મુલુંડ તથા વાશી ખાતે ટૂંક સમયમાં ખોલવાની મારી યોજના છે તથા આપણા ઉત્પાદનો મુંબઈની પ્રતિષ્ઠિત દુકાનોમાં ઉપલબ્ધ તે થાય માટે પણ આયોજન હાથ ધરવું છે. આ બધી બાબતોમાં સફળ થવા માટે ટ્રસ્ટને નિષ્ણાંત, અનુભવી મહિલાની જરૂરત છે જે આ બધા લક્ષ્યોને પાર પાડી શકે.

**પ્ર.સ.** : જો ટ્રસ્ટ વધુ નફો કરશે તો કર્મચારીગણને તેનો વધુ લાભ આપશો?

**વી.એલ.** : અવશ્ય. વધુ નફો મળશે તો તેનો લાભ કર્મચારીઓને પગાર તથા અન્ય સગવડ રૂપે જરૂર મળશે. કારણ કે શ્રી મુંબઈ મહાજન જ્ઞાતિના ઉત્કર્ષ માટે જ કાર્યરત છે.

**પ્ર.સ.** : આપણી જ્ઞાતિના યુવાન, સમર્પિત તથા આધુનિક દૃષ્ટિકોણ ધરાવતા શ્રી વિરેન્દ્રભાઈ સાથે સંવાદ સાધતા મને ખૂબજ આનંદ થયો.

**– ડૉ. હિરાચંદ દંડ**
**મો. : 7738508150**

# શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહની સમર્પિત જનસેવા


શ્રી મધુકાંતભાઈ ખોના


શ્રી નરેશભાઈ મોમાયા

શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટ બોર્ડ દ્વારા સંસ્થાની ઈમારત અત્યારે હિંદુ સભા હોસ્પિટલ-ઘાટકોપરને સ્વૈચ્છિક સેવા સ્વરૂપે કોરન્ટાઈન સેન્ટર તરીકે ઉપયોગ કરવા માટે આપવામાં આવી છે એટલે સંસ્થાની કાર્યવાહક સમિતિના પ્રમુખ શ્રી મધુકાંત પદમશી ખોના (જખૌ-ઘાટકોપર) તથા મંત્રી શ્રી સીએ નરેશ ભવાનજી મોમાયા (શાહ) (નલિયા-ઘાટકોપર)ની મુલાકાત લઈ તેમના વિચારો વાચકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરું છું.

શ્રી મધુકાંતભાઈ ખોના ઈ.સ.૨૦૦૬થી સંસ્થાની કાર્યવાહક સમિતિના પ્રમુખ તરીકે તથા શ્રી નરેશભાઈ મોમાયા (શાહ) મંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. બન્ને મહાનુભાવો સમર્પિત સેવકો છે અને લાંબા સમયથી સંસ્થામાં કાર્યરત છે. વીએલવીજીની રોજીંદી પ્રવૃત્તિઓનું સંચાલન કાર્યવાહક સમિતિ કરે છે તથા નિતિવિષયક બાબતો અંગે ટ્રસ્ટ બોર્ડ નિર્ણય લે છે. વીએલવીજી એ જ્ઞાતિની ૧૧૭ વર્ષ જુની બીન વિવાદાસ્પદ સંસ્થા છે. જેમાં અત્યાર સુધી ૩000 થી વધુ વિદ્યાર્થીઓએ જ્ઞાનપ્રાપ્તિ કરી છે. જેમાંથી ૪00 જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની અત્યારે કદઓ જ્ઞાતિની સમૃધ્ધ (cream) વ્યક્તિઓમાં ગણના થાય છે. સંસ્થાનું એસ.એસ.સી. અને એચ.એસ.સી.નું પરિણામ છેલ્લા અનેક વર્ષોથી ૧00% આવે છે. સારા શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓને ધર્મનું શિક્ષણ પણ અપાય છે. ગયા વર્ષે ૧૩ વિદ્યાર્થીઓએ અઠ્ઠાઈ તથા ૨૧ વિદ્યાર્થીઓએ છઠ્ઠની તપસ્યા કરી હતી. તે ઉપરાંત વિદ્યાર્થીગૃહના પાંચ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંયમ માર્ગની દિક્ષા અંગીકાર કરી છે જે વીએલવીજી માટે ગૌરવપુર્ણ છે.

**પ્ર.સ. :** જ્યારે ટ્રસ્ટ બોર્ડ દ્વારા વિદ્યાથીગૃહ કોરન્ટાઈન માટે આપવાનો નિર્ણય લેવાયો ત્યારે તમારી શું પ્રતિક્રિયા હતી? તમે બને ૨૦૦૬થી કાર્યવાહક સમિતિમાં રહી રોજીંદી બાબતો સંભાળો છો તો તમે આ સાથે સહમત છો.

**એમ.કે. :** હું આ સંસ્થાનો એક ટ્રસ્ટી પણ છું. હિંદુ સભા હોસ્પિટલને વિદ્યાર્થીગૃહ આપવાનો નિર્ણય સારો જ છે. મુંબઈ મહાનગરપાલિકાએ અન્ય અનેક શૈક્ષણિક સંસ્થાઓનો તાબો લીધો છે તે રીતે આપણી સંસ્થાનો પણ તાબો લઈ શકતે. હિંદુસભાને આપવાના કારણે ઈમારતની સંભાળ યોગ્ય રીતે લેવાશે. વિદ્યાર્થીગૃહનો ઉપયોગ ફક્ત કોરન્ટાઈન માટે તેમજ હિંદુ સભાના કર્મચારીઓ માટે જ થઈ રહ્યો છે. કોરોનાગ્રસ્ત દર્દીઓને અહિં રાખવામાં નથી આવતા અને કોરન્ટાઈન માટે ફક્ત ૪ માળ જ આપવામાં આવ્યા છે. અન્ય માળાઓ આપણી પાસે જ છે જેનો પ્રવેશદ્વાર અલગથી છે.

**એન.એમ. :** હિંદુ સભા હોસ્પિટલ વ્યાજબી વળતર પણ આપવા સંમત થયેલ છે તથા જ્યારે ઈમારત પાછી આપશે ત્યારે સંપુર્ણ રીતે સેનેટાઈઝ કરી આપશે તથા બધી જ બેડશીટ્સ, ગાદીઓ બદલી આપશે.

**પ્ર.સ. :** વિદ્યાર્થીઓના વાલીઓ આ અંગે વાંધો ઉઠાવશે અથવા વિદ્યાર્થીઓને અહિં મોકલવા નકારશે?

**એન.એમ. :** અમોએ વિદ્યાર્થીઓના વાલીઓને વર્તમાન પરિસ્થિતિથી માહિતગાર કર્યા છે. ઘાટકોપરની બધી જ શિક્ષણ સંસ્થાઓનો તાબો મુંબઈ મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવેલો છે. આપણી સંસ્થાની ઈમારત હિંદુ સભાને આપ્યા પછી બીજા જ દિવસે બી.એમ.સી. દ્વારા ઈમારતનો તાબો લેવા નોટીસ આપવામાં આવી હતી પણ આપણે નસીબદાર રહ્યા.

**એમ.કે :** જ્યારે શાળા-કોલેજો ફરી શરૂ થશે તે પહેલા ઉચિત સમયમાં આપણે કબજો પાછો લઈ લેશું અને જરૂર જણાશે તો વાલીઓ સાથે 'ઝુમ' દ્વારા મીટીંગ પણ લેશું.

**પ્ર.સ. :** કોરન્ટાઈનની સુવિધાનું સંચાલન વીએલવીજી દ્વારા કઈ રીતે કરાય છે? કર્મચારીગણ ત્યાં હાજર રહે છે?

**એમ.કે. :** વિદ્યાર્થીગૃહના સુપ્રીંટેન્ડેન્ટ શ્રી રાજેશભાઈ જોશી વીએલવીજીમાં હોય છે અને રોજીંદી ગતિવિધીનું ધ્યાન ક્લોઝ સર્કીટ ટીવી દ્વારા તેઓ રાખે છે. તે ઉપરાંત ગેટકીપર દ્વારા આવનારા-જનારાની નોંધ રખાય છે.

**પ્ર.સ. :** શાળા-કોલેજો ફરીથી ક્યારે શરૂ થશે? સંસ્થા આવતા વર્ષ માટે વિદ્યાર્થીઓ પાસેથી શું ચાર્જીસ લેશે?

**એમ.કે. :** શાળા-કોલેજો ક્યારે શરૂ થશે એ અંગે અત્યારે કશું જ કહી શકાય એમ નથી છતાં ઓગસ્ટ પુરૂં થયા પહેલા

તો શક્યતા નથી દેખાતી.

**એન.એમ. :** સાધારણ રીતે વિદ્યાર્થી મોડો દાખલ થાય તો પણ સત્રની પુરી ફી લેવામાં આવે છે. પરંતુ આ વર્ષે જે મહિને વિદ્યાર્થી અહિં દાખલ થશે ત્યારથી જ ફી લેવામાં આવશે.

**પ્ર.સ. :** માર્ચ ૨૦૨૦માં વિદ્યાર્થીગૃહમાં કેડીઓ તેમજ અન્ય કેટલા વિદ્યાર્થીઓ હતા? સંસ્થા દ્વારા કેડીઓ વિદ્યાર્થી માટેની માસિક શુલ્ક તથા અન્ય વિદ્યાર્થીઓ માટે માસિક શુલ્ક શું છે?

**એમ.કે. :** સંસ્થામાં ૧૩૦ કદઓ વિદ્યાર્થીઓ તથા ૪૦ અન્ય વિદ્યાર્થીઓ હતા. કદઓ સિવાયના વિદ્યાર્થીઓને જો ખાલી જગ્યા હોય તોજ પ્રવેશ અપાય છે. કદઓ વિદ્યાર્થીઓ માટે ધો.૧૨ સુધી કોઈ જ ફી લેવામાં નથી આવતી તે મુજબ માર્ચ ૨૦૨૦માં વિદ્યાર્થીગૃહમાં ૬૬ વિદ્યાર્થીઓ નિઃશુલ્ક અભ્યાસ કરી રહ્યા હતા.

**એન.એમ. :** ધો.૧૨થી ઉપરના કદઓ વિદ્યાર્થીઓ માટે રૂા.૨૫૦૦/- માસિક શુલ્ક છે તથા કદઓ સિવાયના ફક્ત જૈન વિદ્યાર્થીઓને જ સંસ્થામાં પ્રવેશ અપાય છે. તેમની પાસેથી રૂા.૧૨૦૦૦/- માસિક શુલ્ક લેવામાં આવે છે. વિદ્યાર્થીગૃહને વિદ્યાર્થીદીઠ રૂા.૯૦૦૦/- માસિક ખર્ચ આવે છે.

**પ્ર.સ. :** આપ બન્ને માટે એક મહત્વનો પ્રશ્ન છે. શાળા-કોલેજ ખુલે ત્યારે પ્રશાસનની પોલિસી મુજબ સોશ્યિલ ડીસ્ટન્સીંગના પાલન માટે વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવી પડે તો બધા વિદ્યાર્થીઓનો સંસ્થા કંઈ રીતે સમાવેશ કરશે?

**એમ.કે. :** વીએલવીજીમાં આપણી પાસે અન્ય પ્રવૃત્તિઓ માટે કેટલાક રૂમ્સ ઉપલબ્ધ છે જો જરૂર જણાશે તો અમુક વિદ્યાર્થીઓનો સમાવેશ ત્યાં કરી શકાશે. છતાં એવી પરિસ્થિતિ ઉભી થશે તો અમે કદઓ વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપીશું.

**એન.એમ. :** કેડીઓ વિદ્યાર્થીઓનો કોઈપણ રીતે સમાવેશ કરી લઈશું. તે માટે જરૂર જણાશે તો અન્ય જગ્યાએ પણ વ્યવસ્થા કરીશું.

**પ્ર.સ. :** મને જાણવા મળ્યું છે કે વીએલવીજી ટ્રસ્ટ દ્વારા અત્યારે પોતાના ઘરે રહેલા વિદ્યાર્થીઓને આર્થિક મદદ કરવામાં આવે છે?

**એમ.કે. :** મારા મનમાં આ વિચાર આવ્યો જે મેં સંસ્થા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કમલેશ શીવજી વીકમશીને જણાવ્યો. તેમણે આ પ્રસ્તાવ આવકારી ટ્રસ્ટ બોર્ડ પાસે મુક્યું જેને ટ્રસ્ટ બોર્ડે વર્ચ્યુઅલ મીટીંગમાં સહમતિથી મંજૂર કર્યું. આ પાછળનો આશય વર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ તથા વાલીઓને ટેકો આપી મદદરૂપ થવાનો છે.

**એન.એમ. :** દરેક વિદ્યાર્થીના વાલીને દર મહિને રૂા.૩૦૦૦/- ત્રણ મહિના માટે મોકલવાનો નિર્ણય લેવાયો છે. હિંદુ સભા હોસ્પિટલ પાસેથી મળેલા કે મળનારા વળતરમાંથી આ રકમ મોકલાઈ છે.

**પ્ર.સ. :** સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મંડળ બનાવ્યું છે? આ ગ્રુપ ભવિષ્યમાં સંસ્થાને મદદરૂપ બની શકે.


**એમ.કે. :** શ્રી નરેશભાઈ વીએલવીજીના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેઓ આ અંગે કાળજી લઈ કાર્ય કરી રહ્યા છે.

**એન.એમ. :** ભૂતકાળમાં ઘણીવાર આ માટેના અસફળ પ્રયાસો કરવામાં આવ્યા છે. ૨૦૦૫માં આ માટે ગેટ ટુ ગેધર પણ આયોજિત કર્યું હતું. હવેના સમયમાં ટેકનોલોજીના માધ્યમથી સંવાદ તથા સંપર્ક સાધવાનું સરળ બન્યું છે ત્યારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની માહિતી એકત્રિત કરીશું અને તેમની સાથે વધુ સંવાદ સાધીશું.

**પ્ર.સ. :** આપ બન્નેએ કિમતી સમય આપ્યો અને માહિતી આપી તે બદલ પ્રકાશ સમીક્ષા વતીથી આભાર.

**- ડૉ. હિરાચંદ દંડ મો. : 7738508150**

## ક.દ.ઓ. જ્ઞાતિનું ગૌરવ
## શ્રી કેતન શીવજી વિકમશી (C.A.)



**શ્રી કેતનભાઈ** જેઓ વ્યવસાયે ચાર્ટડ એકાઉન્ટન્ટ છે અને ખીમજી કુંવરજી એન્ડ કું.માં ભાગીદાર છે, તેમની ભારતની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં બેન્કના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં તા.૨૬-૬-૨૦૨૦થી અમલમાં આવે એ રીતે ડાયરેક્ટર તરીકે નિમણુંક કરવામાં આવી છે. પ્ર.સ. વતી ખૂબ ખૂબ અભિનંદન.

# REDESIGNING, RESETTING & REPURPOSING COMMUNITY GOALS



**PART - 3**

**KDO - BEST**

**Better Efforts for Social Transformation.**

Few of the century old challenges which our community is yet to fully solve can substantially be solved by adopting and successfully following the under mentioned blue print and modus operandi.

There are hundreds of beneficial schemes of both the Central and State Governments and other social and religious organisations and institutions like JITO etc. Their scope of benefits and variety is ever expanding and those can be classified in to the following broad categories :

1. Financial Field;
2. Business/Industrial Sector;
3. Educational Areas;
4. Minority Community Benefits;
5. Social and Health Sector.

You name an area and you have a yojana or a scheme. It could be educational aid or scholarships, widow or old age pension, Divyang benefits, affordable housing, medical insurance like Ayushman, medicare and aids, subsidised interest loans or loans without collaterals like Mudra, cottage and gruh udhyog, women and kanya benefits and so on.

Unfortunately, most of us are either totally ignorant about such beneficial schemes in which the eligible people get regular monetary benefits.*

The resources and funds of our community people are limited and no amount is and will ever be enough. Such saved funds can be used for better purposes.

In view of the above the REDESIGNED, RESET & REPURPOSED GOAL OF THE COMMUNITY for the next 5 years could be to create an organisational all India network of our community people which will collect, collate and make available data of all beneficial schemes, facilitate the members to timely apply for the regular benefits and ensure that they are secured from various government agencies.

The target will be to cover all deserving and eligible members of the community and work as a facilitator on a professional basis.

This organisation/s could be existing Mahajans, including Samast Mahajan, Ekkams independently or jointly.

1. Collect on the systems the details of all the useful schemes of Union Government and State Governments wherein sizeable KDOs reside, benefits to minority community and other charitable organisations catering to our needs. Prepare a summary of them.

2. Give a regular summary of them in our social platforms and magazines. Report about the progress and achievements.

3. Contact the Mahajans/ Yuvak/Mahila Mandals, peruse and persuade them to ensure that the eligible people take the benefits.

4. Appoint areawise our ambassadors, who will function professionally and propogate the schemes, identify eligible people, guide and help in filling forms and securing the benefit. The ambassador could be a Chartered Accountant, legal advisors in any field, Insurance agent, a banker or any one who is computer savvy, has communication skills, minimum knowledge of working of the government and has will to serve the society.

5. The Ambassadors can also contact other Jains also. He can prepare his own team, if needed.

6. Use the digital technology to the maximum.

7 Updating the schemes and benefits available. If a person gets benefit for a year, from next year he will himself follow the Ambassadors. After two, three years it will become self- propelling system and things will move automatically on their own.

8. All these benefitial sources will,in due course, ensure Social transformation in all aspects of social, educational and business sectors with no finance from the community.


सब का मंगल हो।

**- Tilakchand K. Lodaya, Chennai**
**Mobile : 99406 36646**

BEING JAIN

# STOP HOARDING, START OFFLOADING

-Shilpa Ajani
B.Com,DG,FGA(Lon),FFIG



A recent sad news has shaken the entire nation. A popular actor, in his mid-thirties, committed suicide! He was young, handsome and successful yet gripped by depression. What could have driven him to end his precious life? What must have weighed him down so immensely that he had to take such a drastic step? An explanation floated across my mind in the form of a thought-provoking story.

There were three men, each carrying two sacks around their necks, one in the front and the other at the back. The first man hid all his life's good things at the back while in the front sack he carried all his failures, frustrations and unfulfilled desires. He every now and then stopped, took them out and kept thinking about them. He was living in his past and so was constantly unhappy.

The second man kept all his virtues and good deeds in the front sack and took them out to show-off. At the back he carried anger, greed, envy and pride. The bag behind was so heavy that it hampered his movement. His life stagnated.

The third man's front sack had joy, peace, contentment and compassion. His sack behind was just empty! He had made a huge hole at its bottom and though he kept throwing in all the adversities and cruelties heaped upon him in that sack, they vanished from the bottom. He didn't feel any discomfort or disturbance at all for he had discovered the magical mantra – 'Aparigraha' (non- possession). He had learnt to let go of his superfluous material as well as mental possessions. He carried no burdensome baggage and was happier and fulfilled.

Aparigraha is one of the basic tenets of Jain religion. It means non-possessiveness, non-attachment, non–greediness or non-involvement with things, thoughts and relationships. It means learning to let go. We tend to not only cling on to material possessions but also to our relationships, past grievances, prejudices and judgments. We keep on hoarding things, whether in our homes or in our minds. We fail to distinguish between our needs and wants. We desire for more and more and keep on just gathering. The more we gather, the more we want and we end up messing our lives.

The recent lockdown post-Covid pandemic has given us the opportunity to revisit our lives and go back to basics. It has made us realise, how little we need and how much more we possess! So let us try and practice Aparigraha on a daily basis.

Just try letting go. It will be scary in the beginning as we habitually identify ourselves with the things we possess. Our focus is on the outer world and not on the 'self'. Slowly as we stop accumulating and start de-cluttering and emptying ourselves of superfluous assets, anger, regret, worries, guilt, comparisons, competition, judgments, jealousy and desires; we will begin to feel lighter, happier, contented, fulfilled and free.

Let me quote an incident from the life of a saint. Once a tourist went to meet him. On arriving he found no furniture except for books and a table . Surprised, he asked "where is your furniture?" The holy man simply looked at him and questioned him, "where is yours?." "Sahebji, I am just a visitor," said the tourist to which the saint replied, "So am I."

Thus letting go is no longer scary when we realise that we all are, indeed just visitors. Actually it is very, very simple.

Infact, the less we have, the more we will gain. The moment we start practicing Aparigraha, we will be able to spread our wings and soar higher and higher in our spiritual space. We are not born to cling,we are born to soar!

## સખીવૃંદ પુણે



યે જીવન હૈ સાહેબ,
ઉલજેંગે નહીં તો સુલજેંગે કૈસે ?
ઔર બિખરેંગે નહીં તો નિખરેંગે કૈસે?

સખીવૃંદ મહિલા મંડળે કોરોના લોકડાઉનના કારણે ઝૂમ એપ્લિકેશન પર મિટિંગોનું આયોજન કર્યું. સમય સાથે ચાલી, ટેક્નોલોજીની મદદથી મિટિંગ લેવાની પરંપરા ચાલુ જ રાખી. દરેક વયના સભ્યો હોવા છતાં ટેક્નોલોજીમાં પાછળ ન પડતાં સૌ સખીઓએ મિટિંગમાં સારી હાજરી આપી.

તા. ૩ એપ્રિલ ૨૦૨૦, ના હેલ્થ અને હેપી પ્રોફેશનલ મિટિંગમાં ભાગ લીધેલ સખીઓએ ફાલ્ગુનીબેન છેડા સાથે ઝૂમ વિડીયો કોલની મદદથી ડાયટિંગમાં થતી સમસ્યા અને વિવિધ પ્રશ્નોના ઉકેલ જાણ્યા.

તા.૬ એપ્રિલ ૨૦૨૦ ના 'સાતત્ય. ના તૂટે તેવી પરંપરા' માં બાળકના જન્મથી લઈ ૪૦ વાસા પછીનો ભાગ લતાબેન મોમાયા અને પુષ્પાબેન લોડાયા એ વિધિ પાછળના શાસ્ત્રની માહિતી વિસ્તારપૂર્વક આપી. જે સૌ સખીઓ માટે ભવિષ્યમાં ઉપયોગી રહેશે.

ત્યારબાદ ૨૦ એપ્રિલના 'બોલે તેના બોર વેચાય' પબ્લિક સ્પીકિંગમાં મિતાબેન લાલકા અને ભાવનાબેન મહેશ્વરીના નેતૃત્વ હેઠળ કિર્તિબેન નાગડા, વિનિશાબેન ધરમશી, જીનલબેન લોડાયા એ વિવિધ વિષય પર સ્પીચ આપી. ત્યારબાદ મિતાબેન લાલકાએ સુંદર વિડીયો દ્વારા દૃષ્ટાંત રજૂ કર્યો.

તા.૪ મે ૨૦૨૦ ના 'સાતત્ય ના તૂટે તેવી પરંપરા'ના ચોથા મણકામાં લતાબેન મોમાયા અને પુષ્પાબેન લોડાયાએ સગપણની વિધિ અને વિધિ પાછળના શાસ્ત્રની સમજ આપી. સૌ સખીઓએ સારો પ્રતિસાદ આપ્યો.

તેથી જ તો કહેવાય છે ને 'મન હોય તો માળવે જવાય' ટેક્નોલોજીની મદદથી સખીઓએ જ્ઞાન સાથે મિટિંગની ગપશપની પણ મજા માણી.

## કોરોનાની પારાયણ

સમગ્ર માનવજાત પર આવી પડી આપત્તિ ભીષણ,
અદ્રશ્ય વિષાણુઓએ કર્યું કોરોનાનું મહા આક્રમણ ,
શક્તિશાળી મનુષ્ય માટે પણ આવી લાચારીની ક્ષણ,
ચીનમાં ઉદ્‌ભવેલી આ નવી બીમારીનું થઇ ગયું વૈશ્વીકરણ,
નેતા કે જનતા ડરે છે સૌ, કેમકે નથી કોઈ રસીનું રક્ષણ ,
ના કોઈ ઉચ્ચ નિચ્ચ, ના કોઈ જાત પાત, ના કોઈ આરક્ષણ,
કોરોના યોદ્ધાઓ છે સજ્જ ઓઢીને સંપૂર્ણ આવરણ,
વૃદ્ધો, બીમાર અને બાળકો પ્રત્યે છે કોરોનાને આકર્ષણ,
લાખો લોકોના દરરોજ થઇ રહ્યા છે તબીબી પરીક્ષણ,
કેમ થાય છે આ બીમારી તેનું નથી મળતું નક્કર કારણ,
પ્રયોગશાળામાં થઇ રહ્યા છે અખતરા, શોધવા મારણ,
કોરોના મહામારીના ફેલાવાનું મુખ્ય કારણ છે સંક્રમણ,
પાર્થિવ અંતર એજ છે હાલ પૂરતું બખ્તર, એવું છે તારણ
કોરોનાના નામથી કંપે લોકો, જાણે તોફાનમાં તરુનું પર્ણ,
સરકારી અને તબીબી સલાહ અને માર્ગ દર્શનનું કરો શ્રવણ,
આરોગ્ય મંત્રાલય કરે છે પરિસ્થિતિનું સતત નિરીક્ષણ,
અનેક આપત્તિઓથી ઝૂઝતા દેશમાં કોરોનાની રામાયણ,
મહામારી સામેના યુદ્ધમાં તબીબો છે રામ અને રોગ છે રાવણ,
સરકાર માટે આવી પડ્યું ભારે સંકટ અને આર્થિક ભારણ,
આર્થિક અને સામાજિક વ્યવસ્થા થઇ ગઈ છે વેરણ છેરણ,
બસોથી વધારે દેશોમાં ફેલાયું છે કોરોનાનું અતિક્રમણ,
બંધ થઇ ગયા છે કારખાના, કચેરીઓ અને રમણ ભ્રમણ,
જીવન મૃત્યુના સંઘર્ષમાં કોરોનાએ કર્યું લાખો લોકોનું ભક્ષણ,
લાખો નિર્દોષ લોકો વગર યુદ્ધે થઇ ગયા મરણ ને શરણ,
મનુષ્ય જીવન જાણે થઇ ગયું કાચનું તકલાદી વાસણ,
સૌ પોતાના ઘરમાં રહે તેજ છે હાલ સાચું શાણપણ,
અકારણ ઘર બહાર ના નીકળવું એ છે આ સમયનું ડહાપણ,
મુશ્કેલીમાં બિનજરૂરી ખર્ચ પર મૂકી કાપ, બનો થોડા કૃપણ,
અનેક વર્ષો સુધી લોકો કરશે કોરોના તારાજીનું સ્મરણ,
સમગ્ર વિશ્વને કરો કોરોના મુક્ત પ્રભુજી એમ પ્રાર્થે છે 'પ્રણ'

**- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત**
**મો. 9978903247**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### માંડવીમાં સેનેટાઈઝર રીક્ષા

સૌ પ્રથમ વાર માંડવીમાં બની પેસેન્જર માટે સેનેટાઈઝર રિક્ષા. આવી સુવિધા અત્યાર સુધી કોઈ જ વાહનમાં નથી અને આવી સુવિધા હજી સુધી બસ ડેપો પાસે પણ નથી. જેમ કે રીક્ષામાં બેસતા જ તરત જ પેસેન્જર સેનેટાઈઝ થઈ જાય છે.

સૌથી મોટો ફાયદો પેસેન્જરને મળે છે. કોરોના દ્વારા ફેલાતા ચેપથી બચવામાં મદદ થાય છે.

### ભુજમાં ફ્લાય ઓવર બ્રીજ

ભુજમાં પહેલા ફ્લાય ઓવરના નિર્માણ માટે રાજ્ય સરકારે અંદાજે રૂા.૨૭ કરોડની યોજનાને મંજૂરી આપી છે.

ભુજના ટાઉન હોલથી જી કે જનરલ હોસ્પિટલના બીજા પ્રવેશ દ્વાર સુધી દ્વીમાર્ગી ફ્લાય ઓવરના નિર્માણ માટે વહીવટી મંજૂરી આપી દેવાઈ છે અને ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની કવાયત શરૂ થઈ છે.

### લોકલ ટ્રાન્સમિશનથી કોરોના વકર્યો

થોડા દિવસ પહેલા કચ્છને કોરોના મુક્ત જાહેર કરાયું હતું પણ હવે સ્થિતિ ઝડપથી વણસી રહી હોય એમ લાગે છે. સત્તાવાળાનું માનવું છે કે સ્થાનિકે ચેપ લાગતા કચ્છમાં કોરોના ઝડપથી પ્રસરી રહ્યો છે. હાલ કચ્છમાં કોરોના રોગગ્રસ્તોની સંખ્યા ૧૦૫ને આંબી ગઈ છે. અંજારમાં પોલિસ સિપાહીઓને ચેપ લાગ્યો છે. કુલ ૭૪ દરદી સાજા થતા તેમને રજા અપાઈ છે.

### ગાંધીગ્રામ-માંડવીમાં વીજળી પડતાં એકનું મરણ

માંડવી તાલુકાના ગાંધીગ્રામમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. દરમિયાન વરસાદથી બચવા લીમડાના ઝાડ નીચે ઉભેલા કાંતિલાલ નારાણભાઈ ચૌધરી ઉપર વીજળી પડતાં તેમનું તત્કાળ મરણ નીપજ્યું હતું. કાંતિભાઈ પોતાની વાડીમાં કપાસનું વાવેતર કરાવી રહ્યા હતા.

દરમિયાન પશ્ચિમ કચ્છના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી મધ્યમથી ભારે ઝાપટા રૂપે વરસાદ પડી રહ્યો છે. અનેક ગામોમાં અડધાથી દોઢ ઈંચ જેવો વરસાદ થયો છે અને હવામાન ખાતાએ આગામી દિવસોમાં વરસાદની આગાહી કરી છે.

### પ્રબોધભાઈ મુનવરને ગુજરાત મીડિયા તરફથી બહુમાન

રાજ્યના સમાજસેવા વિભાગ તરફથી માનવ જ્યોત સંસ્થાના પ્રમુખ પ્રબોધભાઈ મુનવરને કોરોના વૉરિયર તરીકે સેવા આપવા બદલ ગુજરાત મીડિયા એસોસિએશન વડોદરા તરફતી તેમનું બહુમાન કરવામાં આપ્યું છે. તેમને આ બહુમાન પ્રશસ્તિપત્ર એનાયત કરાયો છે.

### કેડીઓ ન્યુમેસ્ટિક ગ્રુપ

કેડીઓ નોટ્સ એન્ડ કોઈન્સ ગ્રુપ છેલ્લા ત્રણ મહિના દરમિયાન એક થીમેટિક ગ્રુપ તરીકે રચવામાં આવ્યું છે. પહેલા જ દિવસથી આ ગ્રુપ સક્રિય છે અને એમાં ઓછામાં ઓછા ડઝન સભ્યો સુપર ન્યુમેસ્ટિક કહી શકાય. આ પૈકી કેટલાક તો રાષ્ટ્રીય સ્તરના સિક્કા સંગ્રાહકની બરાબરીમાં જરા પણ ઊણા ઉતરે એવા નથી.

બૅન્ક ઑફ મહારાષ્ટ્રના ડેપ્યુટી મેનેજર તરીકે તાજેતરમામં રિટાયર થયેલા રાજેશભાઈ ડી. હેફા મૂળ જખૌના છે અને હાલ મુલુંડમાં રહે છે. રાજેશભાઈનું ભારતીય કાગળ મુદ્રાનું ક્લેકશન માણવા જેવું છે. જે નોટો ૧૪ જેટલા અલગ અલગ સિગ્નેટરીઓની હેઠળ રજુ થયેલી છે. આ નોટો ૧૯૫૦ થી ૧૯૯૪ દરમિયાન ચલણમાં આવી હતી.

### મ.ભૂપતસિંહજી કચ્છ કોઈન સોસાયટી

મહારાજ ભૂપતસિંહજી કચ્છ કોઈન સોસાયટીના પાંચમાં વર્ષમાં પ્રવેશ પ્રસંગે ઓનલાઈન સિક્કા સ્પર્ધા યોજાઈ હતી. કચ્છના સિક્કા વિષય પર યોજાયેલી આ સ્પર્ધામાં વતનના અલભ્ય/દુર્લભ સિક્કા રજૂ કરાયા હતા. આ સંગ્રહ ત્રણ શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યું હતું. ૧) મેથડીકલ ૨) પ્રીસિયસ અને ૩) મેગ્નીફિસેંટ જૂનિયર સભ્યોને મોટીવેશનલ ક્લેકશન તથા દરેક ભાગ લેનારાને પ્રોત્સાહન પુરસ્કાર એનાયત કરવાની સાથે એમનું બહુમાન કરવામાં આવશે.

Exclusive Embroidery & Upto date Finishing
Sachi Jari Mate Real Nam
જ્યોતિ
SILK SAREE EMPORIUM
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

## આપણું નવું વરસ

અષાઢી બીજના રોજ શરૂ થતું આપણું નવું વરસ દર વર્ષે મુંબઈમાં કચ્છ શક્તિના નેજા હેઠળ હેમરાજ શાહ દ્વારા ઉજવાય છે.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ અને ઉત્તમ દેખાવ કરતા કચ્છીજનોને એવોર્ડ એનાયત કરાય છે. આ વર્ષે ૨૨ જૂનના રોજ ઉજવાઈ રહેલા કચ્છી નવા વર્ષની સાંજ છ વાગ્યે શરૂ થશે. સંગીતકાર આણંદજીભાઈના હસ્તે કચ્છી રાષ્ટ્રીય એવોર્ડ વિતરણ કરાશે. સંચાલન રીટા હરિયા કરશે.

એવોર્ડ પસંદગી સમિતિમાં કચ્છ શક્તિના પ્રમુખ હેમરાજ શાહ, તરલાબેન જયંત છેડા, દેવચંદ છેડા, કનૈયાલાલ જોશી, પ્રકાશ-સમીક્ષાના તંત્રી હીરાચંદ દંડ, લલિત શાહ, ચિમન મોતા, વેલજી બોરીચા શામેલ છે.

ચિત્રલેખા અને કચ્છશક્તિ આયોજીત નારી નિર્ભય કેવી રીતે બની શકે? એ નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ચેક અને સર્ટી ફિકેટ એનાયત કરાશે.

કાર્યક્રમ જોવાની લીંક https://youtu.be/OU4JwuJXMRA પસંદગી સમિતિમાં હેમરાજ શાહ (કન્વીનર). સૌ તરલા જયંત છેડા, દેવચંદ છેડા, વેલજી બોરીચા, બિપિન નાગડા અને ચીમન મોતાએ કામગીરી બજાવી હતી.

કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન સંગીતકાર કલ્યાણજી-આણંદજી બેલડીના આણંદજીભાઈ સંભાળશે એમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## કોઠારા પોલીસને ડુમરા મહાજન દ્વારા માસ્કની ભેટ

એક સાદા સમારંભમાં ડુમરા જૈન મહાજને કોઠારા પોલીસ સ્ટેશનને રમેશ સોની અને પરેશ શાહના હસ્તે સારી સંખ્યામાં માસ્ક ભેટ આપવામાં આવ્યા હતા.

## અબડાસામાં ડ્રેગન ફ્રૂટની ખેતી

અબડાસામાં બાગાયતી ખેતીનું ચલણ વધી રહ્યું છે. આ તાલુકાના એક નાનકડા ગામ ખારવામાં મહેન્દ્રભાઈ શાહે ડ્રેગન ફ્રૂટની ખેતી શરૂ કરી છે.

શરૂઆતમાં એકર દીઠ અંદાજે પાંચ લાખ રૂપિયા જેવો ખર્ચ બેસે છે. એમાં મળતી પેદાવાર સામે ફળ દીઠ રૂા.૧૫૦ જેટલો ભાવ મળી રહે છે. આમ ઓર્ગેનિક પધ્ધતિથી થતી આ ખેતીમાં વર્ષે ચારથી પાંચ લાખ જેવી આવક મળે છે. એકર દીઠ ચાર-પાંચ ટન ફ્રૂટ પેદા થાય છે.

## કાર્ટુનિસ્ટ મદનસિંહ પરમાર ગયા

કચ્છ મિત્રના પોકેટ કાર્ટૂનિસ્ટ અને કટાક્ષ ચિત્રકાર મદનસિંહ પરમાર નખત્રાણાની સરકારી હાઈસ્કુલમાં ચિત્રકલા શિક્ષક હતા અને પાછળથી ભુજની પ્રખ્યાત આલ્ફ્રેડ હાઈસ્કુલમાંથી સેવા નિવૃત્ત થયા હતા.

મદનસિંહ અપરિણિત હતા. કાર્ટુન અને કેરીકેચર કળાના માધ્યમથી લોકોના જીવનમાં મનોરંજનથી રંગ ભરનારા મદનસિંહે પોતાની જીવનદોરી જાતે ટૂંકાવી લીધી હતી.

## રાયણનો ઉતારો ઘટ્યો

ઉનાળામાં કચ્છના લોકપ્રિય મેવા-ફળ બજારમાં આવવા માંડે. ખારેક, પીલુ, લિયાર, રાયણ મુખ્ય. હવે તો લગભગ બધા જ પ્રકારના ફળ કચ્છમાં થાય છે.

ઘેઘૂર રાયણ વૃક્ષ પર પાકતી રાયણ સોનેરી હોય. પણ આ વખતે એ સોનેરી ફાલ બહુ ઓછો ઉતર્યો છે. કારણ બરાબર મોર આવવાના ટાંકણે વાવાઝોડાના કારણે ભારે પવનથી મોર ખરી પડ્યા અને પાક ઓછો ઉતર્યો છે.

## જ્ઞાતિના ડૉક્ટરોની અનુકરણીય સેવા

પ્રાણલેવા કોવિડ-૧૯ (કોરોના)ની માંદગીમાં જીવના જોખમે જ્ઞાતિના ડૉક્ટરોએ અનુકરણીય સેવા આપી પોતાના વ્યવસાયની સાથે સાથે જ્ઞાતિનું નામ પણ ઉજાળ્યું છે.

કોરોનાના ચેપી રોગને પ્રસરતાં ધીરે ધીરે કરી છ માસ થયા. દરમિયાન જ્ઞાતિના ડૉક્ટરોએ આ રોગથી સંક્રમિતોના ઉપચારમાં બહુમૂલ્ય સેવા આપી અનેકોના પ્રાણ બચાવવામાં અદ્‌ભૂત ફાળો આપ્યો છે. આ ડોક્ટરોમાં નાગપુરના ડૉ. આરતી ધારસ્કર, વરધાના ડૉ.ભાગ્યશ્રી ધરમશી, મુલુંડના ડૉ. બિમલ નાગડા અને ડૉ. હેતલ નાગડા (તેરા), વલસાડના ડૉ.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.

સોમવાર બંધ



**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.

તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.

તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

ઊષા મૈશેરી, ઘાટકોપરના ડૉ. મધુકાંત ધરમશી, ગદગના ડૉ. પ્રીત પી. ખોના, ચુનાભટ્ટીના ડૉ. યોગીની મૈશેરી, ડૉ. હરીશ લાપસીયા, અમ્બરનાથ, ઘાટકોપરના ડૉ. કાંતિલાલ એન. દંડ, કોલ્હાપુરના સાઈકિયાટ્રિસ્ટ ડૉ. પાર્થ એન. નાગડા, ઘાટકોપરના ડૉ. તારક જી શાહે સ્વેચ્છાએ, સમસ્ત મહાજનની મેડીકલ કમિટીના મનીષાબેન, ડૉ. ધારિણીબેન તથા સેક્રેટરી જનરલ નિશિથભાઈના આહવાનને અનુસરી આ સેવા યજ્ઞમાં શામેલ થયા હતા. તે બદલ પ્રકાશ સમીક્ષા વતી સહુને ધન્યવાદ.

### સ્વયં સિધ્ધા જીવીસીની થેપલા સેવા

સ્વયં સિધ્ધા જીવીસી લેડીઝ વિંગે આ કપરા કોરોના કાળમાં પોતાની સેવા ભાવનાને મજબૂત રાખી ૨૮મે થી ૮ જૂનના ફક્ત ૧૦ દિવસના ગાળામાં ૨૩૦૦૦ હજાર થેપલા અને અથાણાના પેકેટ બનાવી. પેડર રોડ, નેપિયનસી રોડ, કેમ્પ્સ કોર્નર અને વર્લી સી ફેસના અનેક દાતાઓને પૂરા પાડ્યા હતા. વળતામાં તેમણે આ પેકેટ માઈગ્રેશન કરી રહેલા મજૂરોને શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર મિશન-સર્કલ ઓફ લવ મારફત હેઠળ વહેંચવામાં આવ્યા હતા.

અત્રે નોંધવું જોઈએ કે આ થેપલા-અથાણા પેકેટ મુલુંડ-ડોંબિવલીની જરૂરિયાતમંદ મહિલાઓ પાસેથી તૈયાર કરાવ્યા હતા. 'આમ એક પંથ દો કાજ' ડબલ સેવાનું સુંદર દૃષ્ટાંત પૂરૂં પાડ્યું હતું.

### ઈમ્પેક્સ ૨૦૧૯ પ્રદર્શન બે કચ્છીઓને કાંસ્યપદક

દેશના ટપાલ ખાતા અને ફિલાટેલિક કોંગ્રેસ ઓફ ઈંડિયા દ્વારા મુંબઈ ખાતે વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં યોજાયેલા પાંચ દિવસના પ્રદર્શનમાં કચ્છ ફિલાટેલિક એસોસિએશન અને કચ્છ કોઈન સોસાયટીના બે સભ્યોએ ભાગ લીધો હતો. સંગ્રાહકોના કુલ ૧૨૦૦ ફ્રેમ પ્રદર્શનમાં મૂકાયા હતા. તે પૈકી અંજારના ફિલાટેલિસ્ટ કિરણભાઈ આશર (સીનિયર વિભાગ) અને આદિપુરના આદિત્ય અરવિંદભાઈ ચાવડા (જુનિયર વિભાગ) બંનેને રાષ્ટ્ર સ્તરીય કાંસ્ય પદક પ્રાપ્ત થયા હતા.

### માંડવી મુંદ્રા રેલવે ક્યારે?

માંડવીની ૫૫૦૦૦ની વસતી ઉપરાંત દોઢ લાખની આસપાસની વસતી માટે ગાંધીધામ-મુંદ્રા-માંડવી લાઈન માટે બે વખત સર્વે થઈ ગયા હોવા છતાં આજ દી સુધી કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી. દરમિયાન અહીં ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે રેલવેની જરૂરત વધી રહી છે.


### કચ્છમાં ભૂકંપના આંચકા

સમગ્ર ગુજરાત સહિત કચ્છમાં પણ ભૂકંપનો આંચકો અનુભવાયો. ભુજમાં ૪-૫ સેકન્ડ જેટલું ભૂકંપનો આંચકો અનુભવાયો. તા.૧૪-૬-૨૦૨૦ના રાત્રે ૮.૧૫ કલાકે ભુજમાં ૪.૭ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતા. આચકાંના અનુભવથી લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. કચ્છ સહિત મોરબી,રાજકોટમાં પણ ભૂકંપના આંચકો અનુભવાયો હતો. અને પછી પણ હળવા આંચકા અનુભવાયા હતા.

### શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

શ્રી પારોલાતીર્થમાં તા.૧૭-૬-૨૦ના સવારના ૫.૩૦ વાગે શાસનસમ્રાટ રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની દિવ્યકૃપા, તપચક્રવર્તી અચલગચ્છ પ.પુ.આ.ભ.ગુણોદયસાગરસૂરીશ્વર મ.સા.ના શુભ આશીષ સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના કૃપાઆશિષ, સરલસ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. જ્યોતીષવિશારદ પ.પૂ.આ.ભ.શ્રી વિરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આગમઅભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પરમ પૂજ્ય પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સયંમગુણાશ્રીજી મ.સા.આ.ઠા.૪નો ચાતુર્માસ પ્રવેશ ગામના જ્ઞાતિબંધુઓ સાથે સાદાઈથી થશે. ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે આયંબિલ તપ આરાધના સારી સંખ્યા થયેલ. આયંબિલ લાભાર્થી પરિવાર માતુશ્રી માતબાઈ દામજી મૈશેરી (લાલા) મુંબઈવાલાએ લીધેલ. ગુરૂપૂજનનો લાભ શા.ધનપતી કુંવરજી મોમાયા પરિવાર (બારોઈ) જલગામવાલાએ લીધેલ.

## પાસ થયા અભિનંદન



**કુ. નેહા મહેશભાઈ મોતા**

જલગામ-કુઆપધ્ધર

**MBA-F.Y**

**3.42 / 4.00**

**SGPA**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૫-૨૦ | રાણપૂર | જય, પ્રીતિ ઉજ્જવલ ઉપેન્દ્ર ધરમશી | નલીયા | પુત્ર |
| ૧૨-૦૫-૨૦ | કાંજૂરમાર્ગ | જૈનિમ, મનીષા યતિન ભરત શામજી છેડા | નલીયા | પુત્ર |

### છૂટાછેડા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૫-૨૦ | આંબેડ | અલ્પા લહેરચંદ મોતા | નલીયા | ૩૧ |
| | બૂરહાનપૂર | હર્ષલ પ્રમોદ નાગડા | લાલા | ૩૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૬-૨૦ | સેંધવા | હિરાવંતીબેન ચીમનલાલ દામજી મોમાયા | બારોઈ | ૭૮ |
| ૦૨-૦૬-૨૦ | ડોંબિવલી | શૈલેન્દ્ર જયંતીલાલ ખીમજી લોડાયા | સુથરી | ૬૫ |
| ૦૫-૦૬-૨૦ | અંધેરી | હર્ષવર્ધન ત્રિકમજી પદમશી નાગડા | નલીયા | ૭૩ |
| ૦૫-૦૬-૨૦ | માટુંગા | અજીત પ્રેમચંદ મુલજી લોડાયા (ભાભાવારા) | મોટી ખાવડી | ૫૫ |
| ૦૬-૦૬-૨૦ | અમદાવાદ | પૂરબાઈ કાનજી પદમશી ધરમશી | જખૌ | ૮૨ |
| ૦૭-૦૬-૨૦ | મુલુંડ | નેણબાઈ મોતીલાલ ખીમજી લાપસીયા | રંગપૂર | ૯૯ |
| ૦૭-૦૬-૨૦ | દલતુંગી | રાજબાઈ જેઠાલાલ લધાભાઈ શિયાલ | દલતુંગી | ૭૭ |
| ૦૮-૦૬-૨૦ | ઐરોલી | મુલચંદ માણેકજી આણંદજી મોતા | વાંકુ | ૫૮ |
| ૧૦-૦૬-૨૦ | ચેન્નાઈ | ભાવિકા વિક્રમ યશોધન લોડાયા (અજાણી) | કોઠારા | ૪૪ |
| ૧૦-૦૬-૨૦ | ખામગામ | પ્રેમીલાબાઈ જવેરચંદ લખમશી દંડ | પરજાઉ | ૭૮ |
| ૧૪-૦૬-૨૦ | ભૂજ | હરીશ પદમશી વિકમશી | રાણપર | ૬૫ |
| ૧૫-૦૬-૨૦ | મુલુંડ | દમયંતીબેન ખેતસી વેરશી ધરમશી | જખૌ | ૮૩ |
| ૧૫-૦૬-૨૦ | ભાંડુપ | નારાણજી રતનશી ગોશર | બાયઠ | ૭૮ |
| ૧૫-૦૬-૨૦ | જાલના | તેજશ જયંતીલાલ ખીમજી લોડાયા | મોટી ખાવડી | ૪૧ |

## નવા બદલાયેલા સરનામા / ફોન નંબર

| | |
|---|---|
| સતીષચંદ્ર શીવજી પદમશી લોડાયા<br>PS-1532 (ગામ-મોટી ખાવડી) | 3103, પાઈનવૂડ, ટાવર નં.૮, રૂનવાલ ગ્રીન્સ, ગોરેગામ-મુલુંડ લીન્ક રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ- ૪૦૦ ૦૭૮.<br>મો. નં. 09619559070 |


**પ્રકાશ-સમીક્ષાના ડિઝીટલ અંક માટે જાહેરાતો આવકાર્ય છે.**

**મુકેશ ભવાનજી લોડાયા**

**9821154326**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**


* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# તૃતિય પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ



## સ્વ.ચંદ્રસેન હિરાચંદ મોમાયા

જન્મ : ૧૪-૬-૧૯૫૫ ● અરિહંત શરણ : ૧૭-૬-૨૦૧૭

જ્ઞાતિ ઈતિહાસના ઊંડા અભ્યાસી,
ચાર દાયકાથી ગુજરાતી પત્રકારિત્વમાં સમર્પિતપણે વ્યસ્ત,
પ્રકાશ સમીક્ષાના સહતંત્રી, સંનિષ્ઠ સામાજીક કાર્યકર,
સરળ સ્વભાવ, નેક દિલ ઈન્સાનની ખોટ સદાયે સાલશે.

**પ્રકાશ સમીક્ષા સમિતી**

# કચ્છ શક્તિ

## National Award Selection Committee Year-2020

## રાષ્ટ્રીય એવોર્ડ સમિતિ વર્ષ-૨૦૨૦



હેમરાજ શાહ


દેવચંદ છેડા


કનૈયાલાલ જોશી



સૌ. તરલાબેન જયંત છેડા


C.A. હીરાચંદ દંડ


લલિત શાહ


વેલજી અખેરાજ બુરીચા


ચીમન મોતા


બિપિન નાગડા

Printed, Published & Edited by : RAICHAND R. NAGDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA SAMITI and Printed at THE NEW MILLENNIUM PRINTERS, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.